# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 441 | Dt. 27-09-2026 | Page : 08 | Price : Rs 3 | RNI No. GUJGUJ/2009/30906 RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# મધ્યસ્થ ચૂંટણી બાદ ઈરાન પર બોમ્બિંગ

## ૭ દિવસના યુદ્ધ વિરામની ઈરાનની દરખાસ્ત ટ્રમ્પે ફગાવી : ઈરાન પર તૂટી પડવાની વિચારણા

નવી દિલ્હી, તા.૨૬

વોશિંગ્ટનથી મળતા અહેવાલ મુજબ, ઈરાને પશ્ચિમ એશિયાનો સંઘર્ષ સમાપ્ત કરવા ૭ દિવસના યુદ્ધવિરામની દરખાસ્ત કરી હતી. આ દરખાસ્તમાં હોર્મુઝ સ્ટ્રેઇટ્સ ખોલવા અને પછી પરમાણુ કાર્યક્રમ પર ચર્ચા કરવાનો પ્રસ્તાવ હતો. જોકે, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ દરખાસ્ત ફગાવી દીધી છે. સૂત્રો અનુસાર, ટ્રમ્પ નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણી પછી ઈરાન પર ફરી હુમલો કરવા માગે છે.



ઈરાનના વિદેશ મંત્રીએ ગુરુવારે તે દરખાસ્ત મૂકતાં કહ્યું કે સર્વગ્રાહી મંત્રણા શરૂ થતાં હોર્મુઝ ખોલવામાં આવશે તે પછી પરમાણુ કાર્યક્રમ વિષે ચર્ચા કરાશે. પશ્ચિમ એશિયાની કટોકટી વધુને વધુ ગંભીર બનતી જાય છે. વોલ-સ્ટ્રીટ-જજ શનિવારે જણાવ્યું હતું કે ઈરાનની ૭ દિવસના યુદ્ધ વિરામની દરખાસ્ત પ્રમુખ ટ્રમ્પે ફગાવી દીધી છે. અમેરિકી અધિકારીઓને ટાંકતાં તે રીપોર્ટમાં જણાવાયું છે કે પ્રમુખે તેના સલાહકારોને અને સાથીઓને જણાવ્યું હતું કે, નવેમ્બર મીડ-ટર્મ-પોલ પૂરાં થતાં તેઓ ઈરાન ઉપર ફરી હુમલા શરૂ કરવા માગે છે.

આ પૂર્વે પ્રમુખે પોતાની યુ.એન.ની સ્પીચમાં ઈરાનને ખતમ કરી નાખવાની ધમકી પણ ઉચ્ચારી હતી તે પછી ટ્રમ્પે ઈરાનની તે દરખાસ્ત ફગાવી દીધી છે, જે ઉલ્લેખનીય છે. તેઓએ યુ.એન.માં આપેલા તે વક્તવ્યમાં વધુમાં સ્પષ્ટતઃ કહ્યું હતું કે, મારે મહત્વનો નિર્ણય લેવાનો ચે તે એ કે મારે ઈરાનને મધ્યપૂર્વનો સૌથી મહાન દેશ બનાવવો જે વિશ્વનો પણ મહાન દેશ બની રહે અથવા તે ઈસ્લામીક રીપબ્લિકનને ખતમ કરી નાખવું પરંતુ તે નિર્ણય હું ચૂંટણીઓ પછી લેવા માગું છું. ૨૨ સપ્ટેમ્બરે ટ્રમ્પે આ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્રોની મહાસભામાં ઉદઘાટન પ્રવચનમાં કહ્યું હતું.

દરમિયાન ઈરાનના વિદેશમંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ ગુરૂવારે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ પૂરો થાય તે માટે ઈરાને સાત દિવસના યુદ્ધ વિરામની દરખાસ્ત મુકી હતી, તેમાં દર્શાવેલી યોજના પ્રમાણે મંત્રણા દરમિયાન હોર્મુઝ સ્ટ્રેઇટસ ખુલ્લી રખાશે અને તે પછી ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે મંત્રણા હાથ ધરવી.

આ ઉપરાંત અરાઘચીએ સંયુક્ત રાષ્ટ્રોની મહાસભામાં કરેલાં સંબોધનમાં વધુમાં સ્પષ્ટતા કરી હતી કે, અમે અમેરિકા સમક્ષ અમારી યોજના રજૂ કરી દીધી હતી જે મધ્યસ્થી દ્વારા અમેરિકાને પહોંચાડવામાં આવી હતી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે સાત દિવસ પછી હોર્મુઝ સ્ટ્રેઇટસ ખોલવામાં આવશે અને મંત્રણા ફરી શરૂ કરાશે. વાસ્તવમાં જૂન મહિનામાં જ આ પ્રકારના એમઓયુ અમારી વચ્ચે થયા હતા.

જર્મનીના વિદેશમંત્રી સાથે પણ મારે થયેલી ચર્ચા દરમિયાન મેં અમેરિકાને તેનું આક્રમણ વલણ અને દખલગીરીઓ બંધ કરવા કહ્યું હતું.

તે જે હોય તે પરંતુ મધ્યપૂર્વ અને પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિ ગંભીર બનતી જાય છે તેમ નિરીક્ષકો સ્પષ્ટ કહે છે.

# AIથી ૧૦૦ કરોડનાં મોતની આશંકા!

## બિલ ગેટ્સની ભયાનક ચેતવણી સરકારી નિયંત્રણની અત્યંત જરૂર!

નવી દિલ્હી, તા.૨૬

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઝડપથી થઈ રહેલા વિકાસ વચ્ચે માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક અને અબજોપતિ બિલ ગેટ્સે અમેરિકામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( માટે સરકારી નિયમન અને કાયદાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. એક ઈન્ટરવ્યુમાં ગેટ્સે કહ્યું કે માત્ર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( કંપનીઓના સ્વનિયમનથી કામ નહીં ચાલે અને વોશિંગ્ટનમાં કાયદા બનાવવાની જરૂર છે.

ગેટ્સના જણાવ્યા મુજબ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિકાસ સાથે સુરક્ષા અને મોનિટરિંગ માટે સ્પષ્ટ વ્યવસ્થા જરૂરી છે. તેમણે કહ્યું કે કાયદા અમલ કરનારી એજન્સીઓ અને રાજકીય નેતાઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( માટે સુરક્ષા વ્યવસ્થા તથા દેખરેખ અંગેની ચર્ચામાં સામેલ થવું જોઈએ. તેમના મતે આવા નિયમોથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( ઉદ્યોગ પર થોડો વધારાનો વહીવટી બોજ આવી શકે છે, પરંતુ તે ટેક્નોલોજીના વિકાસને નાટકીય રીતે ધીમો નહીં પાડે.

ગેટ્સે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (ના જોખમ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલી શક્તિશાળી બની શકે છે કે તેનો દુરુપયોગ મોટા પાયે જાનહાનિનું કારણ બની શકે. ખાસ કરીને ખરાબ ઈરાદા ધરાવતા લોકોના હાથમાં અદ્યતન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( ટૂલ્સ પહોંચે ત્યારે જોખમ વધી શકે છે. આ ચિંતા એવા સમયે સામે આવી છે જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( ઉદ્યોગમાં ટેક્નોલોજીના વિકાસની ગતિ અને સુરક્ષા અંગે ચર્ચા તેજ બની છે. Anthropicના CEO ડેરિયો અમોડેઈએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( મોડલ્સની ક્ષમતામાં વધારો થવાની ગતિ ધીમી કરવા અને સ્વતંત્ર સુરક્ષા મૂલ્યાંકન સહિતના પગલાંની હિમાયત કરી છે. Open આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (ના CEO સેમ ઓલ્ટમેને પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( માટે આંતરરાષ્ટ્રીય ટેક્નિકલ ધોરણો અને સુરક્ષા માપદંડની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. બીજી તરફ, મેટાના CEO માર્ક ઝકરબર્ગે ઉદ્યોગવ્યાપી સંકલિત નિયમનના અભિગમ અંગે અલગ મત વ્યક્ત કર્યો છે. તેમના જણાવ્યા મુજબ દરેક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( લેબે પોતાની જરૂરિયાત મુજબ સુરક્ષા માટે જરૂરી સમય લેવો જોઈએ અને સમસ્યાઓ જણાય ત્યારે આંતરિક રીતે તેનો ઉકેલ લાવવો જોઈએ.



આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ( નિયમન અંગે અમેરિકામાં સરકાર, ટેક્નોલોજી કંપનીઓ અને નિષ્ણાતો વચ્ચે ચર્ચા ચાલી રહી છે. ઘાયક્ષઆર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સએ પણ તાજેતરમાં ફ્રન્ટિયર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સામાન્ય ધોરણો, જોખમ માપવાની પદ્ધતિ અને ઘટનાઓના રિપોર્ટિંગ માટે સંકલિત માળખાની જરૂરિયાત વ્યક્ત કરી છે. આ રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિકાસને કેટલી ઝડપે આગળ વધારવો અને તેની સુરક્ષા માટે સરકારની ભૂમિકા કેટલી હોવી જોઈએ તે મુદ્દે ટેક્નોલોજી ક્ષેત્રમાં અલગ-અલગ અભિપ્રાયો સામે આવી રહ્યા છે.

# પાડોશી રાજ્યમાં દુષ્કાળના ડાકલાં!

## રાજ્યના ૭૫ ટકા હિસ્સામાં દુષ્કાળ, ૩૨થી વધુ જિલ્લામાં પાણીની તીવ્ર અછતથી દેકારો

નવી દિલ્હી, તા.૨૬

મહારાષ્ટ્રમાં ઓછા વરસાદની અસર હવે સ્પષ્ટ જોવા મળી રહી છે. રાજ્ય સરકારે ૩૫૮માંથી ૨૬૫ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે, જે રાજ્યના આશરે ૭૪ ટકા વિસ્તારને આવરી લે છે. વરસાદની અછતને કારણે ખાસ કરીને ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણય બાદ અસરગ્રસ્ત ખેડૂતો માટે વિવિધ રાહત પગલાં અમલમાં મૂકવામાં આવશે.



મહારાષ્ટ્રમાં આ વર્ષે વરસાદ સામાન્ય કરતાં ઓછો રહ્યો છે. તાજેતરના અહેવાલો મુજબ રાજ્યમાં વરસાદની અછતને કારણે અનેક વિસ્તારોમાં પાણી અને ખેતી સંબંધિત સંકટ ઊભું થયું છે. કેટલાક વિસ્તારોમાં લાંબા સમય સુધી વરસાદ ન પડતાં ઊભા પાકને નુકસાન થયું છે. ખાસ કરીને સોયાબીન, કપાસ અને અન્ય ખરીફ પાકને અસર થઈ છે. વિદર્ભ, મરાઠવાડા અને ઉત્તર મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર હોવાનું સામે આવ્યું છે. યવતમાળ, જલગાંવ, અહિલ્યાનગર, નાંદેડ, અમરાવતી અને નાગપુર સહિતના જિલ્લાઓના અનેક તાલુકા દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. સરકારી નિર્ણય હેઠળ કુલ ૨૬૫ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે.

દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે રાજ્ય સરકારે પાક લોનનું પુનર્ગઠન, જમીન મહેસૂલમાં રાહત અને કૃષિ સંબંધિત લોનની વસૂલાત મોકૂફ રાખવા જેવા પગલાં જાહેર કર્યા છે. ખેતીના પંપના વીજળી બિલમાં રાહત અને વીજ જોડાણ નહીં કાપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પરીક્ષા ફીમાં રાહત, રોજગાર ગેરંટી યોજના હેઠળ વધુ કામ શરૂ કરવું, જરૂરિયાત મુજબ પીવાના પાણી માટે ટેન્કર પહોંચાડવા અને પશુઓ માટે ચારા-પાણીની વ્યવસ્થા કરવા જેવા પગલાં પણ જાહેર કરવામાં આવ્યા છે.

### પાક નુકસાનના પંચનામા અને ડેટા એકત્રિત કરાશે

રાજ્ય સરકારે અસરગ્રસ્ત વિસ્તારોમાં પાકની સ્થિતિનું મૂલ્યાંકન કરવા પંચનામાની પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવાનો નિર્ણય લીધો છે. પાક નુકસાનની તસવીરો અને અન્ય ડેટા એકત્રિત કરીને આગળની રાહત પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને ખેડૂતો સાથે વાતચીત કરી હતી. લાતૂર અને ધારાશિવ જેવા વિસ્તારોમાં તેમણે નુકસાનગ્રસ્ત પાક અને પાણીની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. આ નિર્ણયથી મહારાષ્ટ્રના વરસાદની અછતથી અસરગ્રસ્ત ૨૬૫ તાલુકાઓમાં ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારો માટે તાત્કાલિક રાહત પહોંચાડવાનો માર્ગ ખૂલ્યો છે.

## હૃદય તથા મગજ માટે ખૂબ ખતરનાક ગણાતા પાઉચના વેચાણ અને જાહેરાતો પર સંપૂર્ણ રોક

# તમાકુ મુક્ત નિકોટિન પાઉચ પર સરકારે લગાવ્યો પ્રતિબંધ!

## ચંપત રાય, અનિલ મિશ્રા, ગોપાલ રાવ સરકારી સાક્ષી બન્યા, ચાર્જશીટમાં જાણો ક્યારે શું બન્યું

નવી દિલ્હી, તા.૨૬

યુવાનોમાં ઝડપથી લોકપ્રિય થઈ રહેલા અને તમાકુ-મુક્તના નામે વેચાઈ રહેલા સિન્થેટિક નિકોટિન પાઉચના વેચાણ, જાહેરાત અને ડિસ્ટ્રિબ્યુશન પર સરકારે સંપૂર્ણ રોક લગાવી દીધી છે. આરોગ્ય નિષ્ણાતોના મતે આ પાઉચ અત્યંત નશીલા હોવાની સાથે હૃદય તથા મગજ માટે ખૂબ જ ખતરનાક છે. દેશમાં તમાકુના કારણે દર વર્ષે ૧૩.૫ લાખ લોકોના મોત થાય છે, ત્યારે આ આંકડો ઘટાડવા અને પાનના ગલ્લા, ઈ-કોમર્સ સાઈટ્સ તથા સોશિયલ મીડિયા દ્વારા યુવાનોને લક્ષ્ય બનાવતા આ નવા પ્રકારના નશાના પ્રસારને ડામવા સરકારે આ કડક પગલું ભર્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કડક સૂચનાઓ આપી છે કે તેઓ ઈ-સિગારેટ પ્રતિબંધ કાયદા (PECA ૨૦૧૯) અને ખાદ્ય સુરક્ષા ધોરણો (FSSAI) હેઠળ ઓનલાઈન તેમજ ઓફલાઈન બજારોમાં તાત્કાલિક દરોડા પાડીને આ ઉત્પાદનો જપ્ત કરે.



નોંધનીય છે કે, મોટી તમાકુ કંપનીઓ હવે સિગરેટના વિકલ્પ તરીકે નિકોટિન પાઉચને પ્રોત્સાહન આપી રહી છે, કારણ કે આ પાઉચથી કંપનીઓને સારો નફો અને ઝડપી વૃદ્ધિ મળી રહી છે. અત્યાર સુધી તેના પર કડક નિયમો લાગુ ન હોવાનો કંપનીઓ ફાયદો ઉઠાવી રહી હતી. સરકારે અગાઉ ઈ-સિગરેટ પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવી દીધો હતો, પરંતુ નિકોટિન પેચ અને ચ્યુઈંગ ગમ જેવી વસ્તુઓને વેચવાની મંજૂરી આપવામાં આવી હતી. આ નિકોટિન પાઉચ નાના-નાના પેકેટમાં આવે છે, જેને હોઠ અને પેઢા વચ્ચે રાખવામાં આવે છે. તેમાં નિકોટિન હોય છે, પરંતુ તમાકુ હોતું નથી. તેને ભારતમાં વેચવાની કોઈ જ સરકારી મંજૂરી નથી અને તે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. આમ છતાં, તેની તસ્કરી કરીને ચોરી-છૂપીથી ઓનલાઈન કે સ્થાનિક દુકાનો પર તેનું વેચાણ થઈ રહ્યું હોવાથી સરકારે હવે લાલ આંખ કરી છે.

### વિદેશી બ્રાન્ડસ યુવાનો માટે ચિંતાનો વિષય

એક સરકારી અભ્યાસ મુજબ, કોઈ પણ નિયમ-કાયદા વગર વેચાઈ રહેલા આ પાઉચ લોકોના આરોગ્ય માટે ગંભીર ચિંતાનો વિષય છે. ખાસ કરીને ૧૮ થી ૪૦ વર્ષના યુવાનો વચ્ચે 'ઝિન' અને 'વ્હાઈટ ફોક્સ' જેવી વિદેશી બ્રાન્ડ્સનો ક્રેઝ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે, જેને સમયસર અટકાવવો અત્યંત જરૂરી બની ગયો હતો.

# ફોર્મ ૬નો વિવાદ કોઈ મોટો મુદ્દો નથી!

## વિવાદો વચ્ચે CEC જ્ઞાનેશ કુમારની અધ્યક્ષતામાં મોટી બેઠક, ચૂંટણી પંચનું નિવેદન

નવી દિલ્હી, તા.૨૬

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય ૨ કમિશનરોની બેઠક ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાઈ. જેમાં ફોર્મ-૬ વિવાદને મુખ્ય મુદ્દો ન ગણતા સુપ્રીમ કોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો. ECIએ નવી ગાઈડલાઈન્સ જાહેર કરી, જેમાં BLO ઘરે જઈ દસ્તાવેજ લેશે અને DEO હેલ્પ ડેસ્ક લગાવશે. ECINET સમીક્ષા અને અધિકારીઓના APAR રિપોર્ટ સમયસર પૂર્ણ કરવા જેવા નિર્ણયો લેવાયા. નવા મતદારો માટે વિશેષ અભિયાન શરૂ થશે.

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારને લઈને ચાલી રહેલા તમામ વિવાદો વચ્ચે ચૂંટણી પંચે આજે ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ એક મોટી બેઠક યોજી છે. આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં પંચના ત્રણેય ચૂંટણી કમિશનર એટલે કે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમાર, ડો. સુખબીર સિંહ સંધુ અને ડો. વિવેક જોશી સામેલ રહ્યા. આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે ફોર્મ ૬ને લઈને જે વિવાદ છે, વાસ્તવમાં તે કોઈ મુખ્ય મુદ્દો છે જ નહીં. સુપ્રીમ કોર્ટે પણ ફોર્મ-૬ના ડિક્લેરેશનને યોગ્ય માન્યું છે.

પંચ તરફથી એ પણ જણાવવામાં આવ્યું કે કેબિનેટ સેક્રેટરીને જે પત્ર લખવામાં આવ્યો હતો, તેને ચૂંટણી પંચના નીતિગત નિર્ણય સાથે કોઈ લેવાદેવા ન હતા. ચૂંટણી પંચ(ECI) તરફથી શનિવારે (૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬) જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદન મુજબ, બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનરની સાથે અન્ય બંને ચૂંટણી કમિશનરોએ સહમતિ સાથે અનેક નિર્ણયો લીધા છે.SIRમાં નોટિસ મેળવનાર લોકોના ઘરે ઈક્ઘ દસ્તાવેજ લેવા જશે, સુનાવણી સામાન્ય રીતે જરૂરી નહીં હોય.DEO જરૂરિયાત મુજબ રૈન બસેરા (રાત્રિ આશ્રયસ્થાનો), મજૂરો, ગરીબો અને બેઘર લોકો માટે હેલ્પ ડેસ્ક લગાવશે.




SIRમાં ફોર્મ-૬ સાથે ઘોષણા-પત્રની વ્યવસ્થા સુપ્રીમ કોર્ટ દ્વારા યથાવત્ રહી. ECINETની સમીક્ષા વરિષ્ઠ DEC અને સ્વતંત્ર IIT/IIM વિશેષજ્ઞની સમિતિ કરશે.દિલ્હીમાં દાવા-વાંધાઓની અંતિમ તારીખ ૩૦ ઑક્ટોબર અને મહારાષ્ટ્રમાં ૧૨ ઑક્ટોબર થઈ.પંચની તમામ બેઠકોમાં એજન્ડા પહેલા મોકલવામાં આવશે અને બેઠકની કાર્યવાહી જારી થશે.તમામ અધિકારીઓની APAR રિપોર્ટ દર વર્ષે નિર્ધારિત સમય ૩૧ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે.

અધિકારીઓની વિદેશ યાત્રાઓ માટે હવે ચૂંટણી પંચની મંજૂરી આવશ્યક રહેશે.કમિશનરો તરફથી અધિકારીઓને જાહેર તમામ નિર્દેશોનું કડકાઈથી પાલન સુનિશ્ચિત કરવામાં આવશે. SIRમાં નવા મતદારો માટે અપડેશનની સુવિધા

બીજા નિર્ણયમાં કહેવામાં આવ્યું, 'SIRની પ્રક્રિયા બિહાર અને પશ્ચિમ બંગાળ સહિત દેશના ૨૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પહેલાથી જ પૂર્ણ થઈ ચૂકી છે. જો SIR દરમિયાન અથવા તે પછી મતદાર યાદીમાં જે લોકોના નામ છૂટી ગયા છે, તેની સાથે યુવા અથવા પ્રથમ વખત મત આપનાર લોકો પણ, પોતાના નામને મતદાર યાદીમાં સામેલ કરાવવા માટે સતત અપડેશન હેઠળ સંબંધિત ERO પાસે આવેદન આપી શકે છે.'

### છૂટી ગયેલા અને નવા મતદારો માટે વિશેષ અભિયાન શરૂ થશે

પંચે કહ્યું, 'મુખ્ય ચૂંટણી અધિકારીઓ(CEOs)ને આ પ્રક્રિયા માટે સુવિધા આપવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. SIR પૂર્ણ થયા પછી CEOs, DEOs અને EROs છૂટી ગયેલા અને નવા મતદારોના નામ જોડવા માટે તરત જ વિશેષ અભિયાન શરૂ કરશે.

# CCTV નેટવર્કનું બનાવાશે મજબૂત કવચ

## નાગરિકો અને પોલીસના સંયુક્ત સહયોગથી રાજ્યમાં સીસીટીવી નેટવર્ક વધુ સઘન બનાવવા રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની ખાસ પહેલ

ગાંધીનગર, તા.૨૬

રાજ્યમાં જાહેર સલામતી વધુ સુદ્રઢ કરવા તથા ક્રાઈમ પ્રિવેન્શન અને ત્વરિત ડિટેક્શનના ઉદ્દેશથી સમગ્ર રાજ્યમાં સીસીટીવી સર્વેલન્સને લોકભાગીદારી થકી વધુ વ્યાપક અને મજબૂત બનાવવા રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

જ્ઞાનેન્દ્રસિંહ મલિક જ્યારે અમદાવાદ શહેર પોલીસ કમિશનર તરીકે સેવારત હતા, ત્યારે વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન નાગરિકો, વેપારી સંગઠનો અને વિવિધ એસોસિએશનોના સ્વૈચ્છિક સહયોગથી ૨૪ હજારથી પણ વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા. નાગરિકોના આ સક્રિય સહયોગના પરિણામે શહેરમાં ક્રાઈમ પ્રિવેન્શન કરવામાં અને ખાસ કરીને ક્રાઈમ ડિટેક્શનમાં પોલીસને અભૂતપૂર્વ સફળતા મળી હતી. લોકભાગીદારીથી ઊભું થયેલું આ મજબૂત નેટવર્ક સુરક્ષા વ્યવસ્થામાં એક ગેમ-ચેન્જર સાબિત થયું હતું. અમદાવાદના આ અત્યંત સફળ પ્રયોગને સમગ્ર રાજ્યમાં લાગુ કરી નાગરિકોની સીધી ભાગીદારીથી સલામતીનું એક મજબૂત કવચ તૈયાર કરવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.



રાજ્યમાં હાલ ૩.૮૮ લાખથી વધુ ખાનગી સીસીટીવી કેમેરા કાર્યરત છે, પરંતુ તેમાંથી જાહેર માર્ગો, પાર્કિંગ કે સોસાયટીઓના એન્ટ્રી-એક્ઝિટને આવરી લેતા કેમેરા પ્રમાણમાં ઓછા છે. સીસીટીવી નેટવર્કનો વ્યાપ જેટલો મોટો અને સુવ્યવસ્થિત હશે, તેનો સીધો લાભ નાગરિકોની પોતાની સુરક્ષા અને શાંતિ-વ્યવસ્થામાં થશે. આ બાબતને ધ્યાનમાં રાખીને રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા તમામ શહેરના પોલીસ કમિશનરઓ અને જિલ્લા પોલીસ વડાઓને સૂચના અપાઈ છે કે તેઓ સ્થાનિક નાગરિકો, રહેવાસી સોસાયટીઓ અને વેપારી મંડળો સાથે સ્નેહપૂર્ણ સંવાદ અને બેઠકો યોજીને મહત્તમ સીસીટીવી કેમેરા લગાડવા માટે વધુમાં વધુ લોકો સ્વેચ્છાએ પ્રેરાય તેવું વાતાવરણ ઊભું કરે.

નાગરિકો જ્યારે પોતાની સોસાયટી કે વ્યાપારી પરિસરમાં સીસીટીવી લગાવવાનું આયોજન કરે, ત્યારે તે કેમેરા માત્ર અંદર પૂરતા મર્યાદિત ન રહેતાં બહારના મુખ્ય રોડ, પાર્કિંગ અને અવરજવરના મુખ્ય પોઈન્ટ્સને આવરી લે તે હિતાવહ છે. આ ઉપરાંત, નાઈટ વિઝન ક્ષમતા અને આધુનિક ૪ મેગાપિક્સલ કે તેથી વધુ સ્પષ્ટતા ધરાવતા તેમજ પૂરતો વિડીયો બેકઅપ ધરાવતા કેમેરા પસંદ કરવાથી રાત્રિના સમયે પણ ઉત્તમ સર્વેલન્સ મળે છે અને અસામાજિક તત્વોમાં ભય પેદા થાય છે.

રાજ્યકક્ષાએ આ જનજાગૃતિ અભિયાનના સંકલન અને સુચારુ અમલીકરણ માટે લો એન્ડ ઓર્ડર પોલીસ મહાનિરીક્ષકને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પોલીસ અને પ્રજાના પરસ્પર વિશ્વાસ અને સહયોગથી જ એક સલામત વાતાવરણનું નિર્માણ થઈ શકે છે, જેથી તમામ નાગરિકો સ્વેચ્છાએ પોતાના પરિસરને સીસીટીવી નેટવર્કથી સુરક્ષિત બનાવી 'સુરક્ષિત ગુજરાત'ના નિર્માણમાં સહભાગી બને તેવી અપીલ કરવામાં આવી છે.

# વાવડી નર્સરીમાંથી પાણીની મોટર - કેબલની ચોરી

## એક માસમાં બે વખત ચોરીની ઘટના બની, આશરે ૩૫,૪૨૫ રૂપિયાની મત્તા ચોરાતા ઇન્ચાર્જ ફોરેસ્ટર મહિલાએ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી



રાજકોટ, તા.૨૬

રાજકોટ શહેરના વાવડી રોડ પર આવેલી સામાજીક વનીકરણ રેન્જની નર્સરીમાંથી પાણીની મોટર અને કેબલની ચોરી થવાની ઘટના પ્રકાશમાં આવી છે. વાવડી રોડ પરના ફોરેસ્ટ ક્વાર્ટરમાં રહેતા અને નર્સરીમાં ઇન્ચાર્જ ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા પ્રતિક્ષાબેન સુરેશગીરી અપારનાથીએ આ મામલે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઇસમો સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત ૬ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સવારે આઠ વાગ્યાની આસપાસ પ્રતિક્ષાબેન નોકરી પર ગયા ત્યારે જાણવા મળ્યું હતું કે નર્સરીમાંથી અંદાજીત ૧૪૫ મીટર મોટરનો કેબલ ચોરાયો છે, જેની કિંમત આશરે ૯,૪૨૫ રૂપિયા હતી. તે સમયે તેમણે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી. ત્યારબાદ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ફરીથી નર્સરીમાંથી ૫ હોર્સ પાવરની પાણીની મોટર અને તેનો અંદાજે ૩૫૦ ફૂટ લાંબો કેબલ વાયર ગાયબ હોવાનું જણાયું હતું. આ બંને વસ્તુઓની કુલ કિંમત ૨૬,૦૦૦ રૂપિયા આંકવામાં આવી હતી. આમ, અલગ-અલગ સમયે થયેલી આ ચોરીમાં કુલ મળીને આશરે ૩૫,૪૨૫ રૂપિયાનો મુદ્દામાલ ચોરાયો હોવાનું ખૂલ્યું છે.

આ ઘટના અંગે પ્રતિક્ષાબેને તેમના ઉપરી અધિકારીઓને જાણ કરતા તેમણે ફરિયાદ નોંધાવવા સૂચના આપી હતી. જેને પગલે આજે પ્રતિક્ષાબેને તાલુકા પોલીસ મથકે અજાણ્યા ચોર ઇસમો વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસે તસ્કરોના સગડ મેળવવા

### હડતાળ પહેલા બેંકનો મોટો નિર્ણય

# હડતાળ દરમિયાન ATMમાંથી નાણા ઉપડશે

## તા.૨૮થી ૩૦ દરમિયાન પૈસા ઉપાડવા પર ચાર્જ નહિ લાગવાની જાહેરાત કરતી બેંકો

રાજકોટ, તા..૨૬

૨૮ થી ૩૦ સપ્ટેમ્બરની બેંક હડતાળ પહેલાં, જીઈઈ, ડ્ગઇ સહિતની સરકારી બેંકોએ ગ્રાહકોને મોટી રાહત આપી છે. હડતાળના ૩ દિવસ દરમિયાન અઝખમાંથી પૈસા ઉપાડવા પર કોઈ ચાર્જ નહીં લાગે. નક્કી મર્યાદા કરતાં વધુ ટ્રાન્ઝેક્શન પર પણ વધારાનો ચાર્જ માફ કરાયો છે. બેંક યુનિયનો પાંચ દિવસીય કાર્યસપ્તાહની માંગ સાથે હડતાળ પર ઉતરશે.

દેશભરમાં ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી તમામ સરકારી અને ખાનગી બેંકો ત્રણ દિવસીય હડતાળ પર રહેવાની છે. આ પહેલાં સરકારી બેંકોએ ગ્રાહકોને થોડી રાહત આપવાના હેતુથી એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. હડતાળ દરમિયાન ગ્રાહકોને એટીએમમાંથી પૈસા ઉપાડવામાં સરકારી બેંકોએ રાહત આપવાનો નિર્ણય કર્યો છે. હવે આ ત્રણ દિવસ દરમિયાન પૈસા ઉપાડવા પર આ બેંકો ગ્રાહકો પાસેથી કોઈ ચાર્જ લેશે નહીં. આ નિર્ણય મુજબ હડતાળ દરમિયાન સરકારી બેંકોએ મફત એટીએમ ટ્રાન્ઝેક્શનની નક્કી કરેલી મર્યાદા કરતા વધુ




કેશ ઉપાડવા પર લાગતો વધારાનો ચાર્જ માફ કરવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણયની જાહેરાત SBI, પંજાબ નેશનલ બેંક (PNB), બેંક ઓફ બરોડા (BoB), યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન બેંક સહિતની સરકારી બેંકોએ કરી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોતાના સત્તાવાર પેજ પર પોસ્ટ કરીને આ માહિતી ગ્રાહકો સાથે શેર કરી છે. આ નિર્ણયનો અર્થ એ છે કે, હડતાળ દરમિયાન ગ્રાહકો પોતાની બેંકના એટીએમ ઉપરાંત અન્ય બેંકોના એટીએમમાંથી પણ પૈસા ઉપાડી શકશે, અને નક્કી કરેલી મફત મર્યાદા કરતા વધુ વખત પૈસા ઉપાડવા પર વધારાનો ચાર્જ ચૂકવવો પડશે નહીં.

RBIના નિયમો અનુસાર, સામાન્ય રીતે ગ્રાહકો પોતાની બેંકના એટીએમમાંથી દર મહિને ૫ વખત મફત પૈસા ઉપાડી શકે છે. મોટા શહેરોમાં બીજી બેંકના એટીએમમાંથી ૩ વખત, જ્યારે અન્ય જગ્યાઓએ ૫ વખત મફત કેશ ઉપાડવાની સુવિધા હોય છે. આ મર્યાદા કરતા વધુ વખત એટીએમનો ઉપયોગ કરવા પર બેંક ચાર્જ વસૂલી શકે છે. પરંતુ ૨૮થી ૩૦ સપ્ટેમ્બરની હડતાળ દરમિયાન આ વધારાનો ચાર્જ કામચલાઉ ધોરણે માફ કરવામાં આવ્યો છે.

### શા માટે થઈ રહી છે હડતાળ?

ઉલ્લેખનીય છે કે 'યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ'ના બેનર હેઠળ બેંક કર્મચારીઓ ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી હડતાળ પર જવાની તૈયારી કરી રહ્યા છે. બેંક યુનિયનોની પ્રમુખ માંગણીઓમાં અઠવાડિયામાં માત્ર પાંચ દિવસ બેંક ખોલવાની માંગ સામેલ છે. લગભગ ૯૦ ટકા બેંક કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતા સંગઠનો આ હડતાળમાં સામેલ છે. પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRB) પણ તેમાં જોડાશે.

# પરિણીતા પર સાસરિયાઓનો અત્યાચાર

## પતિ, સાસુ, સસરા અને નણંદ સામે મહિલા પોલીસમાં ગુનો

રાજકોટ, તા.૨૬

પતિ, સાસુ-સસરા અને નણંદ સામે મહિલા પોલીસ મથકમાં ગુનો દાખલ પ્રેમલગ્ન બાદ સાસરિયાઓના ત્રાસથી ફેમિલી કોર્ટમાં ભરણપોષણનો કેસ કર્યો હતો, સમાધાન બાદ પરત ફરતા ફોનમાં વાત કરવા બાબતે માર મારતા મામલો પોલીસ મથકે પહોંચ્યો

રાજકોટ શહેરના મહિલા પોલીસ સ્ટેશનમાં શારીરિક અને માનસિક ત્રાસ અંગેની એક ફરિયાદ નોંધાઈ છે. ભક્તિનગર સર્કલ પાસે જલારામ ચોકની બાજુમાં ધર્મજીવન કોમ્પલેક્ષમાં રહેતા ૨૧ વર્ષીય ઈશીકાબેન દિનેશભાઈ ડોડીયાએ પોતાના પતિ આશીષ જેન્તીભાઈ વાંજા, સાસુ હીરાબેન, સસરા જેન્તીભાઈ વાંજા અને નણંદ જીજ્ઞાશાબેન મેહુલકુમાર ચૌહાણ (તમામ રહે. રાજલક્ષ્મી સોસાયટી, હુડકો પોલીસ ચોકી પાછળ, રાજકોટ) સામે ફરિયાદ નોંધાવી છે.



ફરિયાદ ઈશીકાબેને આશીષ સાથે પ્રેમસંબંધ હોવાથી ૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પરિવારની સંમતિથી સમૂહલગ્નમાં લગ્ન કર્યા હતા. લગ્નના દસ જ દિવસ બાદ સાસુએ હેરાન કરવાનું શરૂ કરતા ત્રણ મહિના પછી ઈશીકાબેન પિયર જતા રહ્યા હતા. સસરાએ છૂટાછેડાની વાત કરતા ઈશીકાબેને રાજકોટ ફેમિલી કોર્ટમાં ભરણપોષણની અરજી કરી હતી. જોકે, કોર્ટમાં સમાધાન થતાં તેઓ ૧૫ દિવસ પહેલાં જ સાસરે પરત ફર્યા હતા, પરંતુ ફરીથી સાસુ-સસરા અને નણંદે તેમને માનસિક ત્રાસ આપવાનું અને નોકરી બાબતે હેરાન કરવાનું શરૂ કર્યું હતું અને સસરા અવારનવાર હાથ ઉપાડતા હતા. એક રાત્રે ઈશીકાબેન તેમના અગાઉના સહકર્મી મિત્ર મહેશ કણજરીયા સાથે ફોન પર વાત કરતા હતા ત્યારે પતિ આશીષે ઝઘડો કરી મારઝૂડ કરી હતી, જેમાં સાસુ-સસરાએ પણ સાથ આપ્યો હતો. બનાવની જાણ થતાં ઈશીકાબેનના માતાપિતા અને ૮ વર્ષનો ભાઈ રાજવીર ત્યાં પહોંચ્યા હતા, ત્યારે સસરાએ નાના ભાઈને સીડી પરથી ધક્કો મારી દીધો હતો. આ ઉપરાંત, સાસરિયાઓએ ઈશીકાબેનની માતાને તેમની દીકરી ગુમ થયાની ખોટી માહિતી આપી હતી, જેના પગલે ભક્તિનગર પોલીસમાં અરજી પણ થઈ હતી. અંતે, સતત અપાતા શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને આજે ઈશીકાબેને મહિલા પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

# મઢી ચોકના મેડિકલ સ્ટોરમાં તોડફોડ કરનાર સાજીદ કચરા ઝડપાયો

## બનાવ સ્થળે લઈ જઈને પોલીસે માફી મંગાવી કર્યું રી-કન્ટ્રક્શન : હજુ ટોળકીના પાંચ પોલીસ પકડથી દૂર

રાજકોટ, તા.૨૬

રૈયા રોડ, હનુમાન મઢી ચોકમાં આવેલા દેવ પુષ્પ મેડિકલ સ્ટોરમાં દવા લેવા આવેલા સાજીદ કચરા નામના શખ્સે અન્ય ૫ શખ્શોની ટોળકી રચી મેડિકલ સ્ટોરમાં તોડફોડ કરી સવા ત્રણ લાખનું નુકસાન કરી સ્ટાફને ખૂનની ધમકી આપી હતી. સાજીદ આણી મંડળીને પકડવામાં સંબંધિત પોલીસે ઢીલી નીતિ અપનાવ્યા બાદ મેડીકલ એસો.મેદાનમાં આવ્યું હતું અને આરોપીઓને પકડવાની બુલંદ માંગણી કરી હતી. ફરિયાદી સહિતના મેડીકલ એસોસિયેશનની માંગણીને ધ્યાને લઈને ગાંધીગ્રામ અને ક્રાઈમ બ્રાંચે આળસ ખંખેરીને સાજીદ સહિતના શખ્સોને પકડવા ચારેબાજુ તપાસ આદરી હતી. દરમિયાન આજે પોલીસે મુખ્ય સુત્રદ્ધાર સાજીદ કચરાને દબોચી લઈને ઘટના સ્થળે રી-કન્ટ્રક્શન કરાવ્યું હતું.

ગાંધીગ્રામ પોલીસે રૈયા ગામ સવન સીમ્ફની એ-૭૦૩માં રહેતાં અને હનુમાન મઢી ચોકમાં દેવ પુષ્પ મેડીકલ સ્ટોર ચલાવતાં પ્રણવભાઇ ધીરજલાલ ઉનડકટ ની ફરિયાદ પરથી સાજીદ કચરા અને તેની સાથેના પાંચ અજાણ્યા સામે, મેડીકલ સ્ટોરમાં તોડફોડ કરીને સવાત્રણ લાખનું નુકાન કરવા બદલ ગુનો નોંધ્યો હતો.

જે તે વખતે પ્રણવભાઇએ જણાવ્યું હતું કે રવિવારે રાત્રીના પોણા દશેક વાગ્યાની આસપાસ પોતે તેમના પાર્ટનર પ્રજ્ઞેશભાઇ સુચક દ્રારકા દર્શન કરીને પરત રાજકોટ ખાતે આવતા હતા. ત્યારે જામનગર ખાતે પહોંચતા મને અમારા દેવ પુષ્પ મેડીકલમાં કામ કરતા રાજેશભાઈ નવલભાઈ ઉર્ફે વિનુભાઈ સુચકનો મને ફોન આવેલ અને વાત કરી હતી કે દેવ પુષ્પ મે ડીકલ ખાતે આશરે સાડા નવેક




વાગ્યાની આસપાસ સાજીદ કચરા (બિલમાં બતાવ્યા મુજબનુ નામ) નામના એક વ્યકિત દવા લેવા માટે આવ્યો હતો.

આ દરમ્યાન સાજીદ કચરાની દવા મેડીકલમાથી આપતા હતાં. રજાને લીધે સ્ટાફ ઓછો હોઇ ત્યારે એક બંધ કાઉન્ટર ઉપર એક બહેન ઉભા હતા. જેથી અમારા સ્ટાફમાથી રાજેશભાઈએ આ બહેનને કહેલ કે બીજા કાઉન્ટર ઉપર આવી જાવ. જેથી સાજીદ કચરાને એમ થયું કે મને બીજા કાઉન્ટર પર આવવાનું કહ્યું છે. આથી તેણે અમારા સ્ટાફ સાથે બોલાચાલી કરી હતી. સ્ટાફના માણસોએ સ્પષ્ટતા કરી હતી કે તમને નથી કહ્યું આ બંધ કાઉન્ટર પર ઉભેલા બહેનને કહ્યું છે.આ સાંભળી સાજીદ કચરા ઉશ્કેરાઇ ગયો હતો અને બોલાચાલી કરવા માંડયો હતો. તેમજ સ્ટાફને કહેલ તમે મને ઓળખો છો? થોડીવાર રહો હું હમણા દશેક મિનીટમા પરત આવુ છું, તમારું મેડીકલ બંધ કરાવવું છે. તેમ કહીને તે ત્યાંથી જતો રહ્યો હતો.

આ પછી આશરે દસેક મિનીટમાં સાજીદ કચરા તથા તેની સાથેના અન્ય પાંચ માણસો મોટર સાઈકલ લઈને આવ્યા હતાં. આ તમામના હાથમાં લાકડાના ધોકા હતાં. બધા મેડીકલ સ્ટોરમાં ઘુસી ગયા હતાં અને અંદર રાખેલ ૧૩ કોમ્પ્યુર કોમ્પ્યુટર, પાંચ સીસીટીવી કેમેરા અને એક પ્રિન્ટર અને ટીવીમાં બેફામ તોડફોડ કરી સવા ત્રણ લાખનું નુકશાન કર્યું હતું. રાજેશ ભાઈ સુચકને ડાબા હાથે ધોકા વડે માર મારતાં સામાન્ય ઈજા થઇ હતી.

તોડફોડ વખતે આ શખ્સોએ સ્ટાફના કોઇના હાથમાં ફોન જોવે તો તેને ફોન મુકી દેવાનુ કહેતા હતાં અને જો કોઇ ફોન કરશે તો જાનથી મારી નાંખશે તેવી ધમકી આપી ગાળો દેતાં હતાં. આ શખ્સોએ મેડીકલના દરવાજાના કાચ તોડવાની કોશિશ પણ કરી હતી. પણ કાચ તુટયા નહોતાં. સાજીદ કચરા તથા તેની સાથેના અન્ય પાંચ શખ્સોએ તોડફોડ કરી રૂા. ૩,૨૫,૦૦૦નું નુકસાન કર્યુ હતું અને સ્ટાફને મારી નાખવાની ધમકી આપી હતી.

બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસનો સ્ટાફ અને ૧૧૨ ગાડી ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને કાર્યવાહી કરી હતી. પીઆઇ એચ. પી. ગઢવીની રાહબરીમાં પીએસઆઇ એમ. એન. પીઠીયાએ ગુનો નોંધ્યો છે. આરોપીઓને ઝડપી લેવા ગાંધીગ્રામ પોલીસ, એલસીબી ઝોન-૨ ટીમે તપાસમાં જોડાઈ હતી. પણ યેનકેન પ્રકારે સાજીદ કચરા આણી મંડળીને પકડવામાં ઢીલ દાખવનાર ગાંધીગ્રામ પોલીસને જાગૃત લોકો અને મેડીકલ એસો.ના હોદેદારોના રોષનું ભોગ બનવું પડ્યું હતું અને આ બાબતે કમિશ્નર અને ગૃહમંત્રી સુધી ફરિયાદ પહોચાડાઈ હતી. રોષિત ફરીયાદીઓનો મિજાજ જોઇને પોલીસના પગે ધગધગતા પાણીનો રેલો આવ્યો હોય તેમ દોડતી થઇ હતી અને સાજીદ કચરા સહિતની ટોળકીને દબોચવા ચારે બાજુ જાળ બિછાવી હતી. તેમાં આજે પોલીસે મુખ્ય સુત્રદ્ધાર સાજીદ કચરાને શહેરમાંથી ઉઠાવી લીધો હતો. ગાંધીગ્રામ પોલીસે સાજીદને દેવપુષ્પ મેડીકલ સ્ટોરે લઈ જઈને રી - કન્ટ્રક્શન કરાવ્યું હતું અને હવે તેને રિમાન્ડ પર લેવા તજવીજ આદરી છે. રાતના ૧૨:૪૫ વાગ્યે મળેલા અહેવાલ મુજબ પોલીસે સાજીદ કચરા આણી મંડળીના નાસતા ફરતા પાચેય આરોપીને પણ દબોચી લીધાના વાવડ મળ્યા હતા પરંતુ પોલીસે એક માત્ર મુખ્ય સુત્રધાર સાજીદ કચરાને એકનેજ કેમ જાહેર કર્યો તે અંગે જાગૃત લોકોમાં તરેહ તરેહની ચર્ચાઓ જાગી છે.

# મારવાડી યુનિવર્સિટીમાં તંત્રએ શરૂ કર્યું મેગા કાઉન્સેલિંગ

## મગજની બીમારીથી કંટાળી આંધ્રપ્રદેશના છાત્રએ છઠ્ઠા માળેથી મોતની છલાંગ લગાવી હોવાની ચર્ચા : ઘટના બાદ પ્રોફેસરોએ હોસ્ટેલના ૯૮૦ રૂમમાં ફરીને વિદ્યાર્થીઓની કાઉન્સેલિંગ પ્રક્રિયા હાથ ધરી

રાજકોટ, તા. ૨૬

રાજકોટ મહાનગરપાલિકાની સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણીને લઈને શહેરી રાજકારણમાં ભારે ધમધમાટ અને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. અગાઉ મેયર અને નિર્વાચન અધિકારી ડો. નેહલ શુક્લ દ્વારા જાહેરનામું બહાર પાડી અલગ-અલગ કેટેગરીની ૧૨ બેઠકો ભરવા માટેની પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો હતો. લાંબા સમયથી સમિતિના નવા સભ્યોની નિમણૂંક માટે પ્રતિક્ષા થઈ રહી હતી, ત્યારે હવે ચૂંટણી કાર્યક્રમ જાહેર થતાં જ ભાજપના દાવેદારોમાં સભ્યપદ મેળવવા માટે ભારે હોડ જામી છે. તાજેતરમાં સંપન્ન થયેલા ગણેશ ઉત્સવ દરમ્યાન પણ ઉત્સુક દાવેદારોએ 'દાદા'ના પંડાલથી લઈને પક્ષના આકાઓની આરતી સમિતિના સભ્ય પદ માટે ઉતારીને પોતાની દાવેદારી મજબૂત કરવા અથાક પ્રયાસો કર્યા છે.



શિક્ષણ સમિતિમાં સ્થાન મેળવવા માટે ભાજપના દાવેદારો દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી જોરદાર લોબિંગ અને ભલામણો ચાલુ છે. કાર્યકરો અને આગેવાનો પ્રદેશ કક્ષા સુધી સંપર્ક સાધીને અથવા મોટા નેતાઓ પાસે ભલામણ કરાવીને પોતાની આશા વધારી રહ્યા છે. શહેર ભાજપ દ્વારા સમિતિમાં સ્થાન મેળવવા ઈચ્છુક આશરે દોઢસો (૧૫૦) જેટલા દાવેદારોના નામોનું સ્કુટિની કરીને તેમાંથી ૩૫ જેટલા નામોની યાદી પ્રદેશ કક્ષાએ મોકલી આપવામાં આવી છે. જોકે, રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વિગત મુજબ શહેર ભાજપે મોકલેલા ૩૫ નામ ઉપરાંત પણ ઉપરથી કોઈ સરપ્રાઈઝ નામો આવી જાય તો નવાઈ નહીં. પ્રદેશ ભાજપ દ્વારા આ નામોમાંથી આખરી ૧૨ નામો ફાઈનલ કરીને સોમવારે રાજકોટ કમલમ ખાતે મોકલી આપવામાં આવે તેમ માનવામાં આવે છે.

આ વખતે ભાજપ દ્વારા સભ્યોની પસંદગીમાં કડક ગાઈડલાઈન લાગુ કરવામાં આવી છે. જામનગર સહિત અન્ય તમામ મહાનગરપાલિકાઓની જેમ રાજકોટમાં પણ પક્ષની માર્ગદર્શિકા મુજબ જ સભ્યોના નામો નક્કી કરવામાં આવશે. જેના ભાગરૂપે જે તે મહાનગરમાં અગાઉ ક્યારેય ચૂંટણી ન લડ્યા હોય તેવા જ કાર્યકરોને તક આપવામાં આવશે. આ સાથે ઉમેદવાર માટે ૬૫ વર્ષની વયમર્યાદાનો માપદંડ પણ લાગુ કરાયો છે. સાથોસાથ, ૧૦૦થી વધુ શાળાનું સંચાલન સંભાળતી આ સમિતિમાં ગ્રેજ્યુએટ (સ્નાતક) કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે તેવું પણ નક્કી મનાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે મહાનગરપાલિકાની ગત સામાન્ય ચૂંટણીમાં ભાજપે ૪૫ જેટલા સીટિંગ કોર્પોરેટરોની ટિકિટ કાપીને નવા ચહેરાઓને તક આપી હતી. આથી ટિકિટથી વંચિત રહેલા અને લાંબા સમયથી પક્ષમાં સક્રિય હોય તેવા કાર્યકરો માટે શિક્ષણ સમિતિના સભ્ય બનવાની આ છેલ્લી આશા રહી છે.

બીજી તરફ, મહાનગરપાલિકાના સદનનું રાજકીય ગણિત આ વખતે બદલાયેલું છે. ગત ટર્મમાં ભાજપના ૬૮ અને કોંગ્રેસના માત્ર ૪ કોર્પોરેટર હતા, જેના કારણે કોંગ્રેસના એક પણ સભ્ય ચૂંટાઈ આવ્યા ન હતા. પરંતુ આ વખતે મનપામાં ભાજપના ૬૭ અને કોંગ્રેસના ૫ કોર્પોરેટરો ચૂંટાયેલા છે. આ ચૂંટણીમાં માત્ર ચૂંટાયેલા કોર્પોરેટરોને જ મતાધિકાર હોવાથી, સંખ્યાબળના હિસાબે ૧૨ બેઠકો પૈકી વિપક્ષ કોંગ્રેસના ફાળે ૧ બેઠક આવે તેવો સ્પષ્ટ નિર્દેશ છે.

આ ચૂંટણીના નિર્ધારિત કાર્યક્રમ મુજબ, આગામી તા. ૩૦મી બુધવારના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ફોર્મ ભરતી વખતે ઉમેદવારના નામની દરખાસ્ત મૂકનાર અને ટેકો આપનાર બંને કોર્પોરેટરોએ હાજર રહેવું પડશે. તા. ૧ ઓક્ટોબરના રોજ ફોર્મની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ તા. ૨૧ ઓક્ટોબરના રોજ જનરલ બોર્ડ સભાખંડમાં સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી મતદાન યોજાશે અને બપોરે ૩ વાગ્યે પરિણામ જાહેર કરવામાં આવશે. બુધવારે ભાજપના ૧૨ ઉમેદવારો ફોર્મ ભરશે તે સાથે જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના આગામી ચેરમેન અને વાઈસ ચેરમેન કોણ બનશે તેનો ચહેરો પણ સ્પષ્ટ થઈ જશે.

# કચરો ફેંકનારાઓ ખેર નથી!

## ૧૮ વોર્ડમાં ત્રાટકશે 'સ્વચ્છતા માર્શલ સ્કવોર્ડ' : દર મહિને ૧૬ હજારના પગારે કરાર આધારિત આઉટસોર્સિંગથી થશે ભરતી



રાજકોટ, તા. ૨૬

રાજકોટ શહેરને સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશભરમાં પ્રથમ ક્રમાંકે લાવવાના અને હાલમાં ચાલી રહેલા 'સ્વચ્છતા હી સેવા' અભિયાનને વધુ અસરકારક બનાવવાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક વિશેષ અને મહત્ત્વકાંક્ષી આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં ચાલતી સફાઈની કામગીરીને વધુ સુદ્રઢ કરવા અને જાહેર સ્થળો પર ગંદકી કરતા કે નિયમોનું ઉલ્લંઘન કરતા લોકો સામે કડક કાર્યવાહી કરવાના હેતુથી મ્યુનિસિપલ કમિશનર દ્વારા તમામ ૧૮ વોર્ડમાં 'સ્વચ્છતા માર્શલ સ્કવોર્ડ' તૈનાત કરવાનો નિર્ણય લેવાયો છે. આ નવી સિસ્ટમ ઊભી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કેપેસિટી બિલ્ડિંગ (સી.બી.) અંતર્ગત જરૂરી ગ્રાન્ટની ફાળવણી પણ કરી દેવામાં આવી છે.

હાલમાં સમગ્ર રાજ્ય સહિત રાજકોટમાં સ્વચ્છતા ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા શહેરના દરેક અઢાર વોર્ડ દીઠ એક-એક એમ કુલ ૧૮ સ્વચ્છતા માર્શલની નિમણૂક આઉટસોર્સિંગ મારફતે કરવાનો નિર્ણય લેવાયો છે. આ તમામ જગ્યાઓ ૧૧ મહિનાના કરાર આધારિત રહેશે અને દરેક માર્શલને માસિક રૂ. ૧૬,૦૦૦ના ફિક્સ પગારથી રાખવામાં આવશે.

મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આ સ્વચ્છતા માર્શલોની દૈનિક કામગીરી માટે ખાસ ૧૫ મુદ્દાઓનો વિસ્તૃત જોબચાર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ જોબચાર્ટ મુજબ, માર્શલોએ પોતાના ફાળવેલા વોર્ડ અને તેના વિવિધ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરીને સ્વચ્છતાની સ્થિતિનું નિરીક્ષણ કરવાનું રહેશે. જો કોઈ દુકાનદારો જાહેર સ્થળોએ કચરો ફેંકતા, ગંદકી કરતા કે કચરાનો અયોગ્ય સંગ્રહ કરતા જણાશે તો તેમની પાસેથી નિયમ મુજબ સ્થળ પર જ વહિવટી ચાર્જ વસૂલ કરવામાં આવશે. આ ઉપરાંત, જાહેર સ્થળોએ ગંદકી કરનાર સામાન્ય નાગરિકો સામે દંડાત્મક પગલાં લેવાની સત્તા પણ આ માર્શલોને આપવામાં આવી છે. શાળાઓ, હોસ્પિટલો, સરકારી કે ખાનગી કચેરીઓ અને બજારોમાં સ્વચ્છતાના નિયમોનો ભંગ થશે તો ત્યાં પણ દંડાત્મક કાર્યવાહી કરાશે. કાનૂની અને પારદર્શક કામગીરી થાય તે માટે કોઈપણ દંડની કાર્યવાહી કરતા પહેલા જે તે સ્થળના ફોટોગ્રાફ્સ અને જરૂરી વિગતો મેળવીને ડિજિટલ રેકોર્ડ જાળવવાનો રહેશે.

ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન અને સોર્સ સેગ્રિગેશન અંગે નાગરિકોને સમજાવવાની સાથે ભીના, સુકા, સેનેટરી અને અન્ય કચરાના યોગ્ય વર્ગીકરણ અંગે લોકોમાં જાગૃતિ લાવવાની જવાબદારી પણ તેમના શિરે રહેશે. પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ અને વેચાણ પર નજર રાખીને કાર્યવાહી કરવી તેમજ નદી, તળાવ કે નાળા આસપાસ કચરો નાખતા લોકોને અટકાવવાની કામગીરી પણ જોબચાર્ટમાં આવરી લેવામાં આવી છે.સફાઈ કામગીરી માત્ર દેખાડા પૂરતી ન રહે અને તટસ્થ રીતે મોનિટરિંગ થાય તે માટે બનનાર સ્વચ્છતા માર્શલ સ્કવોર્ડના દૈનિક રિપોર્ટના આધારે મ્યુનિસિપલ કમિશનર પોતે સમગ્ર કામગીરીનું સીધું મોનિટરિંગ કરશે. સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત મંજૂર થયા બાદ તુરંત જ આ માર્શલોની ભરતી પ્રક્રિયા હાથ ધરીને તેમને વોર્ડ વાઈઝ કામગીરીમાં જોતરી દેવામાં આવશે.

# સ્વચ્છતા હી સેવા અભિયાન આક્રમક મોડમાં

## દિવસ-રાત સરપ્રાઈઝ ચેકિંગ સાથે અધિકારીઓ ફિલ્ડમાં : ખાણી-પીણીના વેપારીઓથી લઈ લારી-ગલ્લા સુધી સતત સરપ્રાઈઝ ચેકિંગ

રાજકોટ, તા. ૨૬

રાજકોટ શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને આરોગ્યપ્રદ બનાવવાના ઉદ્દેશ સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત આક્રમક અને સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. મહાપાલિકાનું તંત્ર હાલ દિવસ-રાત સતત ફિલ્ડમાં રહીને શહેરના જાહેર સ્થળો, મુખ્ય માર્ગો, ધમધમતા બજારો તેમજ ખાણી-પીણીના વ્યવસાય સાથે સંકળાયેલા એકમો અને આસપાસના વિસ્તારોમાં કડક ચેકિંગ ચલાવી રહ્યું છે.

શહેરના જુદા જુદા વિસ્તારોમાં સ્થિત ખાણી-પીણીના ધંધાર્થીઓ, નાના-મોટા લારી-ગલ્લાઓ તેમજ અન્ય તમામ વ્યવસાયિક એકમો ખાતે મનપાના અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી રહી છે. આ તપાસણી દરમિયાન વેપારીઓ કચરાનો યોગ્ય નિકાલ કરે છે કે નહીં, દુકાન પર કચરાપેટી (ડસ્ટબિન) રાખવામાં આવી છે કે કેમ, તેમજ દુકાન અને તેની આસપાસનો વિસ્તાર સ્વચ્છ રખાય છે કે નહીં તેની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે. જાહેર સ્થળો પર ગંદકી કે કચરો ન ફેલાય તે માટે ધંધાર્થીઓને સ્થળ પર જ કડક તકેદારી રાખવા સૂચનાઓ આપવામાં આવી રહી છે અને સ્વચ્છતાના નિયમોનું પાલન કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.



મનપાના આ અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે ઉચ્ચ અધિકારીઓ પોતે ગ્રાઉન્ડ લેવલ પર ઉતરી આવ્યા છે. ડેપ્યુટી કમિશ્નર ચેતન નંદાણી, સમીર ધડુક અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દિવસ દરમિયાન તેમજ રાત્રિના સમયે પણ અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મનપાના આ સઘન મોનિટરિંગનો મુખ્ય હેતુ શહેરમાં સ્વચ્છતાની વ્યવસ્થાને વધુ મજબૂત અને સુદ્રઢ બનાવવાનો છે, સાથે સાથે નાગરિકો અને વેપારીઓમાં સ્વચ્છતા પ્રત્યે પોતાની સામાજિક જવાબદારી અને જાગૃતતા કેળવાય તે સુનિશ્ચિત કરવાનો છે.

મહાનગરપાલિકાની આ કામગીરી દરમિયાન જનભાગીદારીનું પણ ઉત્તમ ઉદાહરણ જોવા મળી રહ્યું છે. શહેરના જાગૃત નાગરિકો અને વેપારીઓ દ્વારા ઉત્સાહપૂર્વક સ્વચ્છતા સંકલ્પ પત્ર ભરીને પોતાના પરિસરને સ્વચ્છ રાખવા અને અન્ય લોકોને પણ સ્વચ્છતા માટે પ્રેરિત કરવાનો દ્રઢ સંકલ્પ લેવામાં આવી રહ્યો છે. તંત્ર અને નાગરિકોના આ સંયુક્ત પ્રયાસો અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે, જનતા તરફથી મળી રહેલો આ અભૂતપૂર્વ સહયોગ રાજકોટ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાની દિશામાં અત્યંત મહત્વપૂર્ણ અને નિર્ણાયક સાબિત થઈ રહ્યો છે.

# પવિત્રતા-સુરક્ષા સાથે જ ઉજવાશે નોરતા

## ગરબા ગ્રાઉન્ડ્સમાં વિધર્મીઓના પ્રવેશ પર VHP-બજરંગ દળની લાલઆંખ

રાજકોટ, તા. ૨૬

આદ્યાશક્તિ શ્રી જગદંબાની ભક્તિ, આરાધના અને આસ્થાના મહાપર્વ અલ્ટિમેટ નવરાત્રિ મહોત્સવને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે આ વર્ષે ગરબા ગ્રાઉન્ડ્સની પવિત્રતા અને સુરક્ષા વ્યવસ્થાને લઈને સમગ્ર રાજ્ય સહિત સૌરાષ્ટ્રના રાજકારણ અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. નવરાત્રિ મહોત્સવ શરૂ થાય તે પૂર્વે જ ગરબા પંડાલોમાં વિધર્મીઓના પ્રવેશને અટકાવવા અને સનાતન સંસ્કૃતિની મર્યાદા જાળવી રાખવા માટે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળ દ્વારા એક અત્યંત કડક અને વિસ્તૃત ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. સંગઠન દ્વારા આયોજકોને સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરવામાં આવી છે કે આ ધાર્મિક ઉત્સવમાં સામાજિક સમરસતા અને ધાર્મિક પવિત્રતા જળવાઈ રહે તે માટે તમામ નિયમોનું અક્ષરશઃ પાલન કરવાનું રહેશે.



રાજકોટ વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા મંત્રી વિનય કારીયાએ આ મામલે સંગઠનનો પક્ષ મૂકતા સ્પષ્ટ અને ધારદાર શબ્દોમાં જણાવ્યું હતું કે, ગરબા એ માત્ર મનોરંજન કે ડાન્સ કરવાનો કોઈ કાર્યક્રમ નથી, પરંતુ તે આદ્યાશક્તિ મા અંબાની આરાધના અને હિન્દુ સંસ્કૃતિનું પરમ પવિત્ર પર્વ છે. જે લોકોને હિન્દુ ધર્મ, દેવી-દેવતાઓમાં કે સનાતન પરંપરામાં કોઈ શ્રદ્ધા કે આસ્થા જ નથી, તેવા લોકોને આ પવિત્ર મહોત્સવમાં હાજરી આપવાનો કે ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશવાનો કોઈ અધિકાર નથી. આ અંગે તમામ નાના-મોટા ગરબા આયોજકોને સ્પષ્ટ સૂચનાઓ આપીને સંગઠન તરફથી સંપૂર્ણ સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. આ સાથે જ તેમણે ચિમકી પણ ઉચ્ચારી છે કે જો કોઈ આયોજક દ્વારા આ નિયમોનું અનાદર કરવામાં આવશે કે બેદરકારી દાખવવામાં આવશે, તો સંગઠન દ્વારા કડકમાં કડક વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

ગરબા સ્થળે કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ખેલૈયાઓ તેમજ દર્શકોના પ્રવેશ માટે ખાસ નિયમાવલી તૈયાર કરવામાં આવી છે. નવી ગાઈડલાઈન અનુસાર, ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશ કરતી વખતે દરેક વ્યક્તિએ પોતાનું માન્ય ફોટો ધરાવતું સરકારી ઓળખપત્ર (આઈડી પ્રૂફ) અથવા આયોજક કમિટી દ્વારા જારી કરવામાં આવેલ અધિકૃત પાસ દર્શાવવો ફરજિયાત રહેશે. આ ઓળખપત્રની ચકાસણી બાદ જ અંદર પ્રવેશ મળશે. આ ઉપરાંત, ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાનું સન્માન જળવાઈ રહે તે હેતુથી ગરબે ઘૂમવા આવતા તમામ ભાઈઓ અને બહેનોને કપાળમાં તિલક કર્યા બાદ જ પ્રવેશ આપવા જણાવવામાં આવ્યું છે. જો કોઈ વિધર્મી પોતાની ઓળખ છુપાવીને કે ગેરકાયદેસર રીતે ગરબા પંડાલમાં પ્રવેશતા પકડાશે, તો તેની સામે કાયદાકીય જોગવાઈઓ હેઠળ કડકમાં કડક કાનૂની પગલાં ભરવામાં આવશે.

# ૬,૮૫૬ ગણેશ પ્રતિમાઓનું ભાવસભર વિસર્જન

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલું સુચારુ અને ભવ્ય આયોજન : ૧૫૦થી વધુ ફાયર જવાનોની ૧૩ કલાકની અવિરત સેવા



રાજકોટ, તા. ૨૬

રાજકોટમાં ગણેશ મહોત્સવના સમાપન ટાણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલું સુચારુ અને ભવ્ય આયોજન સુરક્ષા તેમજ પર્યાવરણ જાળવણીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બન્યું છે. પોલીસ કમિશનરશ્રીના જાહેરનામાને અનુસરીને નક્કી કરાયેલા વિવિધ નિર્ધારિત સ્થળો પર મનપાના ફાયર બ્રિગેડ તંત્ર દ્વારા અત્યંત સતર્કતા અને શિસ્તબદ્ધ રીતે શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન સંપન્ન કરવામાં આવ્યું હતું. શહેરમાં વિસર્જનનો ઉત્સવ સંપૂર્ણ સુરક્ષિત રીતે પાર પડે તે માટે ફાયર બ્રિગેડ શાખાના ૧૫૦થી વધુ અનુભવી અને તાલીમબદ્ધ જવાનોએ સવારે ૮:૦૦ વાગ્યાથી રાત્રિના ૯:૦૦ વાગ્યા સુધી સતત ૧૩ કલાક અવિરત મોરચો સંભાળ્યો હતો. કોઈપણ ઈમરજન્સી કે અસાવચેતી વગર સમગ્ર પ્રક્રિયા પૂરી થાય તે માટે તમામ નિયત સ્થળોએ ક્રેઈન, લાઈફ જેકેટ અને વિસર્જન માટેના જરૂરી સાધનો સાથે જવાનો ખડેપગે તૈનાત રહ્યા હતા.

મનપા દ્વારા શહેરના તમામ ઝોન અને સીમાડાઓને આવરી લેતા વિસર્જન સ્થળો પર વ્યાપક વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. જેમાં આજીડેમ ઓવરફ્લો, આજીડેમ ખાણ નંબર ૧ અને ૨, મવડી-પાળ રોડ પર જખરાપીરની જગ્યા પાસે, કાલાવડ રોડ પર વાગુદળ તેમજ જામનગર રોડ પર ન્યારા ગામના પાટિયા પાસે આવેલ ખાણ ખાતે સુગ્રથિત આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન નાના કદની કુલ ૬,૦૨૧ મૂર્તિઓનું ભાવિકો દ્વારા શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરાયું હતું, જ્યારે ભવ્ય અને વિશાળ કદ ધરાવતી ૮૩૫ મોટી મૂર્તિઓને મનપા દ્વારા વિશેષ ક્રેઈનની મદદથી અત્યંત સાવચેતી અને આદરપૂર્વક જળમાં પધરાવવામાં આવી હતી. આમ, ફાયર બ્રિગેડના સફળ સંકલનથી કુલ ૬,૮૫૬ ગણેશજીની મૂર્તિઓનું નિર્વિઘ્ને વિસર્જન કરવામાં આવ્યું હતું અને સમગ્ર દિવસ દરમિયાન શહેરના કોઈપણ સ્થળે એક પણ અનિચ્છનીય ઘટના નોંધાઈ નહોતી.

શ્રીજીના સુરક્ષિત વિસર્જનની સાથે સાથે નાગરિકોની ધાર્મિક આસ્થાનું જતન કરવા માટે પણ મહાનગરપાલિકાએ સંવેદનશીલ અભિગમ અપનાવ્યો હતો. વિસર્જન પ્રક્રિયા બાદ જળસ્રોતો પ્રદૂષિત ન થાય અને ભક્તોની ધાર્મિક ભાવના જળવાય તે હેતુથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા તુરંત સક્રિય બની હતી. મનપા દ્વારા તમામ વિસર્જન સ્થળો પર સ્પેશિયલ 'પૂજાપા વાન' તૈનાત કરવામાં આવી હતી, જેના મારફતે એકત્રિત થયેલી પૂજા સામગ્રી, ફૂલ-હાર અને નિર્માલ્યનો પૂર્ણ આદર અને શાસ્ત્રોક્ત મર્યાદા સાથે યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના સુદ્રઢ તાલમેલ, ફાયર બ્રિગેડની સજ્જતા અને નાગરિકોના સકારાત્મક સહયોગથી આ વર્ષનો ગણેશ વિસર્જન મહોત્સવ સંપૂર્ણ સુરક્ષિત, સંગઠિત અને શ્રદ્ધામય વાતાવરણમાં સંપન્ન થયો છે.

# દંડ પણ અખાદ્ય

## ઝેરી ફૂડ અંગે તંત્ર માત્ર દંડ ખાવાનું બંધ કરે: પરિણામલક્ષી કાર્ય જરૂરી




આજના આધુનિક યુગમાં ઓનલાઈન શોપિંગ લોકોની પ્રાથમિકતા બની ગઈ છે. લોકો ઘરે બેઠા જ ફળ અને શાકભાજી જેવી રોજિંદી જીવનજરૂરી વસ્તુઓ મંગાવતા થયા છે. જોકે આ સુવિધા પાછળ એક મોટું જોખમ પણ છુપાયેલું છે. તાજેતરમાં રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ઇહશક્ષસશનિા રિટેલ સ્ટોરેજ પર દરોડા પાડવામાં આવ્યા હતા. ત્યાં ગ્રાહકોને એક્સપાયરી ડેટ વાળી અખાદ્ય સામગ્રી વેચવામાં આવતી હોવાની ગંભીર ફરિયાદ મળી હતી. તંત્ર દ્વારા કરવામાં આવેલા ચેકિંગ દરમિયાન અનેક ગેરરીતિઓ પ્રકાશમાં આવી છે.

હાલના સમયમાં અખાદ્ય સામગ્રી વેચીને લાખો રુપિયા કમાઈને હજારોનો દંડ ભરીને છટકી જવાના ગણિત ચાલે છે. વેપારીઓ અને મોટી ઓનલાઈન કંપનીઓ સામાન્ય દંડ ભરીને ફરીથી પોતાનો ધંધો શરૂ કરી દે છે. આ તંત્રની સૌથી મોટી નબળાઈ છે. મામૂલી રકમનો દંડ ભરી દેવાથી આવી કંપનીઓને કોઈ મોટો ફરક પડતો નથી. તેઓ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવાનું ચાલુ રાખે છે. ઝેરી અને વાસી ખોરાક વેચીને લોકોના જીવ જોખમમાં મૂકનારાઓ માટે માત્ર દંડની જોગવાઈ પૂરતી નથી.

આ ગંભીર પ્રશ્નના કાયમી ઉકેલ માટે હવે આકરી સજા અનિવાર્ય બની ગઈ છે. માત્ર મનપા કે ખાદ્ય વિભાગ દંડ ફટકારીને સંતોષ માની લે તે ચાલશે નહીં. અખાદ્ય ખોરાક વેચનારાઓ સામે ફોજદારી ગુનો નોંધીને જેલની સજા થાય તેવા કડક નિયમો બનાવવા પડશે. આ ઉપરાંત, સિસ્ટમમાં સુધારો લાવવા માટે ફૂડ અધિકારીની એરિયા વાઇઝ જવાબદારી ફિક્સ થવી જોઈએ. દરેક વિસ્તારમાં કયા પ્રકારનો ખોરાક વેચાય છે તેની તમામ જવાબદારી સંબંધિત અધિકારીની રહેશે તેવું નક્કી થશે ત્યારે જ બેદરકારી અટકશે. અધિકારીને પાવર અને જવાબદારી બંને મળવા જોઈએ.

જો કોઈ વિસ્તારમાંથી ભેળસેળવાળો કે એક્સપાયર્ડ માલ મળી આવે, તો વેપારી સાથે જવાબદાર અધિકારી સામે પણ કડક પગલાં લેવા જોઈએ. જ્યારે અધિકારીઓની જવાબદારી નક્કી થશે અને ગુનેગારોને આકરી સજા મળશે, ત્યારે જ પ્રજાના સ્વાસ્થ્યનું રક્ષણ શક્ય બનશે. તંત્રે હવે જાગવાની અને પોકળ દંડના બદલે કડક અમલીકરણ કરવાની ખાસ જરૂર છે.

# ચંપત રાયે પ્રસાદ ચોરીની ઘટનાને ૭૨ કલાક સુધી દબાવી રાખી

## તપાસમાં તેમને ક્લીનચીટ કેવી રીતે મળી? : ૮ જૂનના રોજ, ટ્રસ્ટે આ વાતને અફવા ગણાવી

નવીદિલ્હી, તા. ૨૬

અયોધ્યા પોલીસ તપાસ રિપોર્ટમાં રામ મંદિરમાં પ્રસાદની ચોરી અંગે વધુ એક મોટો ખુલાસો થયો છે. પોલીસ તપાસ રિપોર્ટના પાના ૪૭ પર એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે. રિપોર્ટમાં નોંધાયેલા ચંપત રાયના નિવેદન મુજબ, તેમને ૪ જૂન, ૨૦૨૬ ના રોજ પ્રસાદની ચોરીની જાણ થઈ હતી. તેમના કર્મચારી આનંદ કુમાર ચૌધરીએ તેમને ૪ જૂન, ૨૦૨૬ ના રોજ રાત્રે ૯:૪૫ વાગ્યે વોટ્સએપ પર એક વીડિયો મોકલ્યો હતો. ચંપત રાયના નિવેદન મુજબ, વીડિયોમાં કેટલાક કર્મચારીઓ પ્રસાદ છુપાવતા દેખાતા હતા. વીડિયોમાં એ પણ ખુલાસો થયો હતો કે રામ જન્મભૂમિ સંકુલની અંદર એક બાથરૂમમાં કેટલાક પૈસા છુપાયેલા હતા.



રિપોર્ટ અનુસાર, આનંદ ચૌધરીને આ ઘટનામાં આશરે ૬૭ કર્મચારીઓની સંડોવણી હોવાની શંકા હતી. ઘટના સમયે ચંપત રાય અયોધ્યામાં નહોતા અને દિલ્હીથી અયોધ્યા જઈ રહ્યા હતા. તેમને રસ્તામાં વોટ્સએપ પર આ વીડિયો મળ્યો હતો. જ્યારે ટ્રસ્ટના તત્કાલીન મહાસચિવ ચંપત રાયને ૪ જૂન, ૨૦૨૬ ના રોજ રામ જન્મભૂમિ ખાતે રામ લલ્લાના દાનના પૈસાની ચોરીની જાણ થઈ, ત્યારે તેમણે આ માહિતી બધાથી કેમ છુપાવી અને પછી ૮ જૂને એક વીડિયો જાહેર કર્યો જેમાં કહેવામાં આવ્યું કે કોઈ ચોરી થઈ નથી?

પોલીસ તપાસ અહેવાલ મુજબ, ચંપત રાયે સેવક પુરમમાં લેપટોપ દ્વારા ડો. અનિલ મિશ્રા અને ગોપાલ રાવને પણ આ વીડિયો બતાવ્યો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, મંદિર સંકુલના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી. અહેવાલ મુજબ, ૫ જૂને અયોધ્યા પહોંચ્યા પછી, ચંપત રાયે અનિલ મિશ્રા, ગોપાલ રાવ અને ડો. નરેન્દ્ર સાથે સીસીટીવી ફૂટેજ જોયા. ત્યારબાદ મંદિર સંકુલના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી.

પોલીસે આ કેસમાં ફૈઝાબાદ જિલ્લા કોર્ટમાં ૭૩,૪૮૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટમાં દાનની ગણતરીમાં સામેલ આઠ લોકોના નામ આરોપી તરીકે છે. દરમિયાન, ચંપત રાય, ડો. અનિલ મિશ્રા અને ગોપાલ રાવને આરોપી નહીં, પણ સાક્ષી તરીકે નામ આપવામાં આવ્યા છે. ચંપત રાય વિશે હવે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કે, જ્યારે તેમને ૪ જૂનના રોજ બનેલી ઘટનાની જાણ હતી અને તેમણે વીડિયો પણ જોયો હતો, ત્યારે તેમને તપાસમાં આરોપી તરીકે કેમ નામ આપવામાં આવ્યું ન હતું. પોલીસના જણાવ્યા અનુસાર, ઈઈઝટ ફૂટેજમાં ચોરીની ૧૦૫ ઘટનાઓ નોંધાઈ હતી, અને ૧૭૩ સાક્ષીઓના નિવેદનો અને ૪૨૨ દસ્તાવેજો પણ ચાર્જશીટમાં સામેલ કરવામાં આવ્યા હતા. ચોરી થયાના ૨૦ દિવસ પછી, ૨૫ જૂનના રોજ FIR દાખલ કરવામાં આવી હતી.

પોલીસ તપાસ રિપોર્ટમાં નોંધાયેલા ચંપત રાયના નિવેદન મુજબ, તેમને ૪ જૂનના રોજ એક કર્મચારી પાસેથી વીડિયો મળ્યો હતો. ત્યારબાદ આ વીડિયો અનિલ મિશ્રા અને ગોપાલ રાવને બતાવવામાં આવ્યો હતો, અને ઈઈઝટ ફૂટેજની સમીક્ષા કરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. જોકે, ૮ જૂન, ૨૦૨૬ ના રોજ, ટ્રસ્ટ દ્વારા મીડિયાને જાહેર કરાયેલા એક વીડિયોમાં કહેવામાં આવ્યું હતું કે બેંક કર્મચારીઓ ટ્રસ્ટનું ઓડિટ કરી રહ્યા હતા, અને આ સમય દરમિયાન રામ મંદિરના દાન ચોરાઈ જવાની અફવાઓ ફેલાઈ હતી. હવે આ બાબતે પ્રશ્ન એ ઉઠી રહ્યો છે કે જ્યારે ચંપત રાયને ૪ જૂને જ વીડિયો દ્વારા પ્રસાદની રકમ છુપાવવાની માહિતી મળી હતી, તો પછી ૮ જૂને તેને અફવા કેમ કહેવામાં આવી?

# UNમાં ભારતનો પાકને જોરદાર જવાબ

## બિન લાદેનનું નામ લઈને આતંકવાદને ઘેરતું ભારત

નવીદિલ્હી, તા. ૨૬

ભારતે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફના યુએન જનરલ એસેમ્બલીમાં સંબોધનનો આકરો જવાબ આપ્યો છે. રાઈટ ટુ રિપ્લાય હેઠળ, યુએનમાં ભારતના કાયમી મિશનના પ્રથમ સચિવ, પેટલ ગેહલોતે, પાકિસ્તાન પર આતંકવાદને પ્રોત્સાહન આપવા અને બેવડા ધોરણોનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે જૂઠાણું વારંવાર બોલવાથી તે સાચું નથી થઈ જતું. તેમણે ૯/૧૧ હુમલાના માસ્ટરમાઈન્ડ ઓસામા બિન લાદેનનો ઉલ્લેખ કરીને પાકિસ્તાન પર પણ હુમલો કર્યો અને ચેતવણી આપી કે સરહદ પાર આતંકવાદના ગંભીર પરિણામો આવશે.




પોતાના સંબોધન દરમિયાન, પેટલ ગેહલોતે, આતંકવાદ પર પાકિસ્તાનના રેકોર્ડનો ઉલ્લેખ કરતા કહ્યું કે ૯/૧૧ હુમલાનો માસ્ટરમાઈન્ડ ઓસામા બિન લાદેન, પાકિસ્તાનના એબોટાબાદમાં મળી આવ્યો હતો. તેમણે કહ્યું, ''આજે બપોરે, જનરલ એસેમ્બલીએ પાકિસ્તાની પ્રતિનિધિ પાસેથી કેટલીક વિચિત્ર વાતો સાંભળી. આ ઘટના ન્યૂ યોર્ક શહેર અને વિશ્વ દ્વારા ભયાનક ૯/૧૧ આતંકવાદી હુમલાની ૨૫મી વર્ષગાંઠ ઉજવવામાં આવ્યાના બે અઠવાડિયા પછી જ બની છે. આ સંદર્ભને ધ્યાનમાં રાખવો મહત્વપૂર્ણ છે કારણ કે માસ્ટરમાઈન્ડ, ઓસામા બિન લાદેન, પાકિસ્તાની સૈન્યની પ્રીમિયર એકેડેમીની બાજુમાં રહેતો હતો.'' આ એ જ સંસ્થા છે જેના પ્રત્યે આજે પાકિસ્તાની પ્રતિનિધિએ આટલો ઊંડો આદર દર્શાવ્યો છે. પરંતુ પાકિસ્તાનના લોકો જેને ''ફોર્મ ૪૭ સરકાર'' કહે છે તેમાંથી જ આ અપેક્ષા રાખી શકાય છે.

ભારતના પ્રથમ સચિવ, પેટલ ગેહલોતે આગળ જણાવ્યું, ''અમે એવી સરકાર પાસેથી લોકશાહી અધિકારો અને માનવ મૂલ્યો વિશે દંભી વાતો સાંભળી છે જેની રાજધાની હાલમાં તેના પોતાના લોકો સામે સુરક્ષા ઘેરાબંધી હેઠળ છે. અને શ્રીમાન રાષ્ટ્રપતિ, આ થઈ રહ્યું છે કારણ કે આ સૈન્યની, સૈન્ય દ્વારા અને સૈન્ય માટે સરકાર છે. તેમના કઠપૂતળી નેતાઓ આવી શકે છે અને જાય છે, પરંતુ આપણે વાસ્તવિક નિર્ણયો કોણ લે છે તે અંગે કોઈ ભ્રમ ન રાખવો જોઈએ. પાકિસ્તાન વિશેનું સત્ય તેના ૨૭મા સુધારા અને તેના વાસ્તવિક શાસકને આપવામાં આવેલી આજીવન મુક્તિ દ્વારા પ્રગટ થાય છે.'' ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પેટલ ગેહલોતે કહ્યું, ''તે મારા દેશનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે અને હંમેશા રહેશે. પરંતુ જો આપણે કાશ્મીર વિશે વાત કરવી હોય, તો ચાલો પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર પર ધ્યાન કેન્દ્રિત કરીએ.'' રાવલકોટના લોકોને પૂછો કે તેઓ લાંબા સમયથી જે મૂર્ખ હત્યાઓ, ક્રૂર હિંસા અને મૂળભૂત અધિકારોનો ઈનકાર કરી રહ્યા છે તેનો તેઓ શું સામનો કરી રહ્યા છે.

ગેહલોતે કહ્યું, શ્રીમાન રાષ્ટ્રપતિ, આ મુદ્દાના મૂળમાં પાકિસ્તાનનો લાંબા સમયથી ચાલી રહેલો સરહદ પારનો આતંકવાદ છે. અમે ગયા વર્ષે દર્શાવ્યું હતું કે આતંકવાદીઓ પાસે ભાગવા કે છુપાવવા માટે કોઈ જગ્યા રહેશે નહીં. અમે આતંકવાદ સામે પોતાનો બચાવ કરવાના અમારા અધિકારનો ઉપયોગ કરીશું, અને પાકિસ્તાન તેના સતત આતંકવાદના પરિણામોનો સામનો કરશે. આ સ્પષ્ટપણે મિત્રતા અને સદ્ભાવના પર આધારિત સંબંધો પર પ્રશ્નો ઉભા કરશે.

# ચાર વર્ષમાં ૧૧૧ સાંસદો-ધારાસભ્યોએ પક્ષ બદલ્યો

## પક્ષપલટા વિરોધી કાયદો કેમ લાગુ કરવામાં આવ્યો નથી? રાજકારણીઓ કેવી રીતે છટકી જાય છે?

નવીદિલ્હી, તા. ૨૬

ભારતમાં, ચૂંટણી જીત્યા પછી લોકો બીજા પક્ષમાં જોડાય છે તે ઘટના વધુને વધુ સામાન્ય બની રહી છે. તાજેતરનો એક અહેવાલ આ વાતની પુષ્ટિ કરે છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (અઉછ) અને નેશનલ ઈલેક્શન વોચના અહેવાલ મુજબ, છેલ્લા ચાર વર્ષમાં, ૨૦૨૨ થી ૨૦૨૬ દરમિયાન, ૧૧૧ સાંસદો અને ધારાસભ્યોએ ચૂંટણી જીત્યા પછી પક્ષ બદલ્યો છે. આમાં ૨૪ લોકસભા સાંસદો, ૭ રાજ્યસભા સાંસદો અને ૭૮ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. હવે પ્રશ્ન એ છે કે જ્યારે દેશમાં આવા નેતાઓને રક્ષણ આપતો પક્ષપલટો વિરોધી કાયદો છે ત્યારે આ નેતાઓ પક્ષપલટો કેવી રીતે બદલી રહ્યા છે. ચાલો આ અહેવાલ દ્વારા પક્ષપલટો વિરોધી કાયદા, તેની છટકબારીઓ અને પક્ષપલટોની ફરિયાદો પર લેવામાં આવતી કાર્યવાહીની પ્રક્રિયાને સમજીએ.



વર્તમાન અહેવાલમાં જણાવાયું છે કે પક્ષપલટોના કેસોને અલગ અલગ રીતે આવરી લેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, તેમાં નેતાઓ દ્વારા સીધા પક્ષપલટો, પક્ષપલટોમાં ભેળવી દેવા અને બીજા પક્ષમાં જોડાવા માટે રાજીનામું આપવાનો સમાવેશ થાય છે. પરંતુ એ નોંધવું યોગ્ય છે કે અઉછ એ પોતે સ્પષ્ટ કર્યું છે કે ૧૧૧ નેતાઓનો આંકડો વ્યાપક ન હોઈ શકે, કારણ કે જાહેર પ્રતિનિધિઓ દ્વારા પક્ષપલટોનો કોઈ સત્તાવાર રેકોર્ડ નથી.

રિપોર્ટમાં જણાવાયું છે કે નાગાલેન્ડથી બંગાળ સુધીના દેશભરના નેતાઓએ ચૂંટણી જીત્યા પછી પક્ષ બદલ્યા છે. નાગાલેન્ડ આ યાદીમાં ટોચ પર છે, જ્યાં ૩૨ ધારાસભ્યો પક્ષ બદલ્યા છે. દરમિયાન, પશ્ચિમ બંગાળમાં ૨૦ પક્ષપલટા નોંધાયા છે, ત્યારબાદ તેલંગાણામાં ૯, ગોવા અને પંજાબમાં ૮-૮, મેઘાલય અને મહારાષ્ટ્રમાં ૬-૬ અને મણિપુરમાં ૫. સાંસદો અને ધારાસભ્યો સહિત, આ આંકડો ૧૧૧ સુધી પહોંચે છે, જેમાં નાગાલેન્ડ અને પશ્ચિમ બંગાળમાં આ કેસોનો હિસ્સો આશરે ૪૭% છે.

ભારતમાં પક્ષપલટાને રોકવા માટે, ૧૯૮૫ માં ૫૨મા બંધારણીય સુધારા દ્વારા બંધારણમાં દસમી અનુસૂચિ ઉમેરવામાં આવી હતી. આના કારણે પક્ષપલટા વિરોધી કાયદો લાગુ કરવામાં આવ્યો, જેનો હેતુ સાંસદો અને ધારાસભ્યોને ચૂંટણી જીત્યા પછી વ્યક્તિગત અથવા રાજકીય લાભ માટે પક્ષપલટા કરતા અટકાવવાનો હતો. આ કાયદા હેઠળ, સભ્યને ઘણા કારણોસર ગેરલાયક ઠેરવી શકાય છે:

જો તેઓ સ્વેચ્છાએ તેમની પાર્ટી સભ્યપદ છોડી દે છે, જો તેઓ પાર્ટી વ્હીપ વિરુદ્ધ મતદાન કરે છે અથવા મતદાનથી દૂર રહે છે, જો કોઈ સ્વતંત્ર સભ્ય જીત્યા પછી કોઈ પાર્ટીમાં જોડાય છે, અથવા જો કોઈ નામાંકિત સભ્ય ગૃહમાં જોડાયાના છ મહિના પછી કોઈ પાર્ટીમાં જોડાય છે. પ્રતિનિધિ ગૃહના અધ્યક્ષ અથવા અધ્યક્ષ પાસે સભ્યની ગેરલાયકાત અંગે નિર્ણય લેવાની સત્તા છે, અને કિહોતો હોલ્લોહાન વિરુદ્ધ જાકિલુ કેસમાં સુપ્રીમ કોર્ટના ૧૯૯૨ના ચુકાદા બાદ આ નિર્ણય ન્યાયિક સમીક્ષાને પણ આધીન છે.

કાયદામાં કેટલીક જોગવાઈઓ અને તેમના અર્થઘટનને કારણે ઘણા નેતાઓ પક્ષપલટા છતાં કાર્યવાહીથી બચી જાય છે. સૌથી મહત્વપૂર્ણ મુક્તિ ''મર્જર'' જોગવાઈ છે. જો કોઈ પક્ષના બે તૃતીયાંશ સાંસદો અથવા ધારાસભ્યો બીજા પક્ષ સાથે ભળી જવા માટે સંમત થાય છે, તો તેને કાયદેસર રીતે પક્ષપલટા ગણવામાં આવતો નથી, અને આ સભ્યો ગેરલાયકાતને પાત્ર નથી. મૂળ ૧૯૮૫ના કાયદામાં, આ મર્યાદા ફક્ત એક તૃતીયાંશ હતી. વ્યાપક દુરુપયોગને પગલે, ૨૦૦૩ના ૯૧મા સુધારાએ તેને બે તૃતીયાંશ સુધી વધારી દીધી. આ હોવા છતાં, રાજકારણીઓ ઘણીવાર જરૂરી સંખ્યાઓ એકત્રિત કરવામાં અને આ મર્યાદાને ટાળવામાં સફળ થાય છે.

શબ્દ બ્રહ્મ

સદગુરુ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## ઉત્તમ કુળમાં જન્મ આપનાર પિતૃઓનું જીવતાં જ જતન કરીએ,એ છે સાચો શ્રાદ્ધનો મહિમા!



શ્રાવણ જતાં ભાદરવો શરૂ થયો,ગણેશ વિસર્જન પણ પૂર્ણ થયું. આજથી શ્રાદ્ધ શરું થાય છે, આમ તો પૂનમથી જ શ્રાદ્ધ શરું થાય! એટલે આપણાં પિતૃઓનાં ચરણોમાં શ્રાદ્ધ રુપે શ્રદ્ધા સુમન સમર્પિત કરવાં વિશે જોઈએ. આપણને આટલી સુંદર સૃષ્ટિ પર લાવી ,ઉત્તમ કુળ અને સંસ્કૃતિ ગત સંસ્કારો આપનારનું શ્રદ્ધા થી કરીએ શ્રાદ્ધ. ભાદરવા મહિનામાં ૧૬ દિવસ પિતૃનાં ગણવામાં આવે છે. શાસ્ત્રોમાં કહ્યા મુજબ માનવી પર ત્રણ પ્રકારના ઋણ હોય છે, દેવ ઋણ, આચાર્ય ઋણ, અને પિતૃ ઋણ, જે તેને પોતાનાં જીવન દરમિયાન પોતપોતાનાં ભાવથી ઉતારવાનું હોય છે. દેવદેવીને લઈને તો આપણે ત્યાં કેટલાં એ ઉત્સવો ઉજવાય છે, અને એ સમય દરમિયાન આપણે પૂજા પાઠ, યજ્ઞ, દાન, ઈત્યાદી કરી દેવ ઋણ ઉતારવાની કોશિશ કરતાં હોઈએ છીએ. આચાર્ય ઋણ પણ ગુરુપૂર્ણિમા જેવા દિવસે ગુરુદક્ષિણા આપીને કે પછી અન્ય રીતે ઉતારવાની કોશિશ કરતાં હોઈએ છીએ. આપણે ત્યાં દેવ યોની અને પિતૃ યોની એવી શ્રેણી છે, અતૃપ્ત જીવ નો પિતૃ યોનીમાં સમાવેશ થાય છે! અને એવાં પિતૃઓના તર્પણ માટે ભાદરવા મહિનાની પૂનમ અને કૃષ્ણ પક્ષનાં પંદર એમ ૧૬ દિવસ મુકરર કરવામાં આવ્યા છે, અને તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે. તો પ્રશ્ન થાય કે શ્રાદ્ધ પક્ષમાં શું માત્ર શ્રાદ્ધ કરવાથી પિતૃ ઋણ અદા થઈ જાય છે?? કે પછી જીવતાં જ ઈશ્વર જેમ શ્રદ્ધાથી જતન કરવું જરૂરી છે?? આમ તો જીવતા હોય ત્યારે તેમને સંતોષ રહે, એ રીતનું જીવન જીવવું જોઈએ, જેથી કરીને પિતૃઓની સદગતિ થાય. પરંતુ ભાદરવા મહિનાના આ દિવસો દરમિયાન તેમની મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે, તો જ એમની સદગતિ થાય છે. .

માનવી જે કંઈ કરે એ શ્રદ્ધાપૂર્વક ન કરે તો એનું કોઈ મહત્વ રહેતું નથી, પછી તે દેવ જન્ય પૂજા પાઠ હોય, કે પિતૃ જન્ય! એટલે સંપૂર્ણપણે શ્રદ્ધા વધારતું પર્વ એટલે શ્રાદ્ધ. આપણે ત્યાં પૂર્વ જન્મ અને પુનર્જન્મની બહુ મોટી વાત છે, બીજા ધર્મમાં એ વાતની પુષ્ટિ થતી નથી. એટલે કે પિતૃનું અસ્તિત્વ ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જોવા મળે છે, અને સૌ પ્રથમ બ્રહ્માજીએ શ્રાદ્ધની વાત કરી હતી. તેમણે પુરાણોમાં કહ્યું છે કે પિંડદાન કરીને, પિતૃનું તર્પણ કરવાથી તેમની સદગતિ થાય છે. મહાભારતના શાંતિ પર્વ નામનાં અધ્યાયમાં યુધિષ્ઠિર પણ પિતામહ ભિષ્મને આ સવાલ કરે છે, કે શ્રાદ્ધની ઉત્પત્તિ કોણે કરી, અને શ્રાદ્ધ શું કામ કરવું જોઈએ? ત્યારે પિતામહ ભીષ્મ જવાબ આપે છે, કે દેવલોકમાં પણ શ્રાદ્ધ કરવામાં આવે છે. સૌ પ્રથમ શ્રાદ્ધ બ્રહ્માએ પિંડદાન મૂકીને કર્યું હતું, જ્યારે મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાદ્ધ, નેમી રાજાએ પીંડ દાન મુકીને કર્યું હતું. એટલે શ્રાદ્ધનો ઈતિહાસ માનવીના પૃથ્વી પરના અસ્તિત્વથી જ શરૂ થયેલો છે, અને દેવલોક, તેમજ મૃત્યુલોકમાં તેને અનુસરવામાં આવે છે.

આજે પણ લોકો ખૂબ જ શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કરતાં જોવા મળે છે, જે આમ તો જીવનનાં અંત સુધી પોતાને આ પૃથ્વી પર લાવનારને યાદ કરી આભાર માની અને ઋણ ઉતારવાની વાત છે. પૂનમથી શરૂ કરીને અમાસ સુધીના આ ૧૬ દિવસનાં સોળ શ્રાદ્ધમાં આપણે ત્યાં મૃત્યુતિથી પ્રમાણે શ્રાદ્ધ કરવામાં આવે છે, અને જે તે વ્યક્તિનાં મૃત્યુ પછી ત્રીજા વર્ષમાં શ્રાદ્ધ બેસાડવામાં આવે છે. એટલે કે એમને પિતૃમાં ભેળવવામાં આવે છે, અને એની ખાસ કર્મકાંડીય વિધિ કરવામાં આવે છે. પૂનમથી અમાસ સુધીના ૧૬ દિવસમાં આપણાં વડવાઓમાં ઘણાં બધાં મૃત્યુ પામેલાં હોય, છતાં આપણે ત્યાં શ્રાદ્ધમાં ભેળવવાની વિધિને કારણે આપણે એક જ શ્રાદ્ધ કરવું પડે છે. પતિ પત્ની પણ અંતે તો એક જ હોવાથી એમનું પણ એક જ શ્રાદ્ધ કરવામાં આવે છે, સિવાય કે પત્ની પતિ કરતા પહેલાં અવસાન પામે તો એનું અલગ શ્રાદ્ધ કરવું પડે. એકમનું શ્રાદ્ધ કરવાથી વંશવૃદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે સંતાન મેળવવાની ચાહ રાખનાર લોકો એકમનું શ્રાદ્ધ કરે છે. જ્યારે અમાસનું શ્રાદ્ધ કરવાથી તમામ મનોકામના પૂર્ણ થાય છે, એવી પણ એક વાત શાસ્ત્રોમાં કરવામાં આવી છે, એટલે જ એને સર્વ પિતૃ અમાસ કહેવામાં આવે છે. એટલે કોઈને વાર તિથી યાદ ન હોય તો પણ એ અમાસનું શ્રાદ્ધ કરી શકે છે.

આપણે ત્યાં શ્રાદ્ધ દરમિયાન કાગવાસ નાખવાની પણ એક પ્રથા છે. કાગડાનું આયુષ્ય ૨૦૦ વર્ષનું આંકવામાં આવ્યું છે, એટલે કે કાગડાએ આપણા પિતૃઓને જોયા જ હોય, એ રીતે તેને શ્રદ્ધાથી કાગવાસ નાખવામાં આવે છે. ભાદરવા મહિનામાં કાગડી બચ્ચાને જન્મ આપતી હોવાથી, પક્ષીનો વંશવેલો વધે અને એ પ્રજાતિ જીવીત રહે એવું પણ આની પાછળ એક કારણ છે. કાગડાની ચરકમાંથી પીપળો અને વડ જેવા વૃક્ષો ઉત્પન્ન થતા હોય છે, અને પીપળો વાતાવરણમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મુક્ત કરતું વૃક્ષ હોવાથી લાભદાયી છે. પીપળામાં પિતૃઓનો વાસ છે, એવી માન્યતાથી, પીપળે પાણી રેડવાની પ્રથા છે, અને એટલે પીપળાના વૃક્ષનો વધુને વધુ ઉછેર થાય, અને વાતાવરણમાં શુદ્ધ ઓક્સિજન ભળતો રહે, એ તેનું મુખ્ય કારણ છે. શ્રાદ્ધમાં ગૌગ્રાસની પરંપરા છે. ગાયમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ હોવાથી, આ રીતે આપણા પિતૃ તર્પણ નિમિત્તે દેવતાઓને પ્રસન્ન કરવાની એક ચેષ્ટા પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ગાયના દૂધ અને દૂધની બનાવટો વગેરેથી આપણે નિરોગી રહી શકીએ છીએ. ભાદરવા મહિનામાં આંકરા તડકા પડતા હોવાથી ગાયુંને ઘાસ વગેરે મળી રહેતું નથી, અને તેથી ગૌ વંશની રક્ષાનું આ વ્રત શ્રાદ્ધને દિવસે ગાયને થાળી જમાડવીની વાત આ રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે.

શ્રાદ્ધમાં આપણે ત્યાં દૂધપાક અને ખીર વગેરે વ્યંજનો બનાવવામાં આવે છે. સંધિ કાળના આ સમયગાળા દરમિયાન, માનવીય શરીરમાં પિત્તજન્ય રોગોનો વિકાર થવાની પૂર્ણપણે શક્યતા રહેલી છે, અને દૂધ એ પિત્ત માટે સૌથી ઉત્તમ ઔષધી હોવાથી, ભાદરવા પૂનમથી શરૂ કરી શરદપૂર્ણિમા સુધી દૂધનું સેવન કરવાથી, એ આરોગ્ય માટે લાભદાયક બને છે. દૂધપાક કે ખીરમાં સાકર કે ખાંડ ઉમેરવામાં આવે છે અને ગળ્યા પદાર્થો આમ પણ માનવીની માનસિક નબળાઈ હોય છે. મીઠાઈ વગેરે ખાવાથી મન પણ પ્રફુલિત રહે છે, એટલે આ રીતે માનવી પોતાનું શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખે છે.

શ્રાદ્ધને દિવસે આપણે ત્યાં બ્રહ્મ ભોજનનું મહત્વ છે, પહેલાં બ્રાહ્મણો કર્મકાંડ સિવાય આર્થિક ઉપાર્જન માટે કોઈ વ્યવસાય કરતાં નહીં, એટલે આ રીતે તેમનો જીવન નિર્વાહ ચાલતો રહે, એ માટે થઈને બ્રહ્મ ભોજન કરાવી દાન દક્ષિણા આપવાનો એક મહિમા છે. તો આપણે સૌ પણ આપણી સંસ્કૃતિ પ્રત્યે વધુને વધુ શ્રદ્ધા રાખી પિતૃના ચરણોમાં શ્રદ્ધા સુમન રાખી શ્રાદ્ધ પર્વની ઉજવણી કરીશું. પિતૃ ઋણ ઉતારવાની મળતી તકને અનુસરીને આપણી સંસ્કૃતિને સદા જીવંત રાખીએ. એમનાં જીવતાં જ આપણાં હ્રદયમાં માતાપિતા તેમજ વડીલો માટે માન સન્માન અને આદરની લાગણી સદા અકબંધ રહેતો એમને પિતૃ યોનીમાં જવું જ ન પડે, અને એકદમ સંતોષથી જીવે અને મૃત્યુ માર્ગે જાય! સનાતન ધર્મની જય.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### લેભાગુની છાપ ધરાવતાં અને ગુનામાં સડોવાઇ ચુકેલા દોંગાને પડધરી પોલીસે પકડ્યા બાદ થયો પર્દાફાશ

# ખેડૂતોને છેતરવા અલ્પેશ દોંગાએ ખોલ્યા'તા કોલ સેન્ટરો!

## ખેડૂતોને છેતરવાનુ સાહિત્ય કબ્જેઃ આ ગૈંગ સામે ગમે ત્યારે વધુ એક મોટી કાર્યવાહીઃ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે આપી માહિતી







રાજકોટ: ચીટર અને વ્યાજખોરની છાપ ધરાવતાંનામીચા અલ્પેશ દોંગાને ગેંગનો રૂરલ પોલીસે પર્દાફાશ કર્યો છે. તાજેતરમાં એક કરોડ પડાવી લેવાના ગુનામાં પડધરી પોલીસે રાજકોટના અલ્પેશ દોંગાને પકડ્યા બાદ તેની ગેંગ દ્વારા ખેડુતોને ફસાવવા માટે ચાલુ કરાયેલા રાજકોટ અમદાવાદના બે કોલ સેન્ટરનોપર્દાફાશ થયો છે. આ કોલ સેન્ટર મારફત ખેડુતોને ફોન કરી લોનની લાલચ આપી તેની પાસેથી જમીનોના મિલ્કતોના સાટાખત પડાવી લેવામાં આવતાં હતાં.

આ પર્દાફાશની વિગતો આપતાં રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે માહિતી આપી હતી. પડધરીના સરપદડ ગામના વેપારીને ૫.૫૦ લાખની લોન આપી જમીનનો સાટાખત લીધા બાદ જમીન નામે કરવા બહાને ધમકી આપી રૂા.૧.૦૭ કરોડની રકમ પડાવી લેનાર રાજકોટના નામચીન અલ્પેશ દોંગા આણી ટોળકી સામે પડધરી પોલીસ મથકમાં ફરીયાદ રાજકોટ શહેર અને અમદાવાદમાં બે સ્થળોએ આ ટોળકીએ કોલસેન્ટર પણ શરૂ કર્યા હોવા સહિતની ચોંકાવનારી વિગતો સામે આવી હતી..

રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. અને પડધરી પોલીસની સ્પેશીયલ ટીમોએ આ બને શહેરોના કોલ સેન્ટર પર દરોડા પાડી ખેડૂતોની જમીનના ૭/૧૨ હજારો લોકોના નંબરોની યાદી વગેરે મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ, પડધરીના સરપદડ ગામે રહેતા વેપારીને નાણાની જરૂરીયાત પડતા આરોપીએ માત્ર ૫.૫૦ લાખની લોન સામે તેના જમીનના સાટાખાતના બહાને ૯ વીઘાની જમીનનો દસ્તાવેજ કરાવી લઇ, વ્યાજ અને ધમકી આપી રૂા. ૧૦૦૭ લાખની રકમ પાડવી લેવા મામલે પડધરી પોલીસ મથકમાં રાજકોટના નામચીન અલ્પેશ દોંગા અશ્રીત અકબરી ઉર્ફે હેપી પટેલ ચંદુ વીરડીયા, પીયુષ વીરડીયા અને હિરેન લુણાગરીયા સામે ગુનો દાખલ કરાયો હતો. જેમાં જણાવ્યુ હતું કે યુવાનને ગેરેજમાં ધંધામાં ૪૧ લાખનુ નુકશાન થતા દેવુ ભરપાઇ કરવા મકાન વેચ્યુ હતુ.

તેમજ ગોલ્ડ લોન લીધી હતી. પરંતુ બાકીની રકમ માટે ગામના વચેટીયા આરોપી હિરેન લુણાગરીયા તેને અને તેના પિતો ન રાજકોટ અલ્પેશ દોંગાપાસે લઇ ગયો હતો જયાં યુવાનનીસરપદડગામની જમીન જોઇ રોકાણકાર ચંદુ વિરડીયા ગામે કરી આપો, માસીક ૫ ટકા વ્યાજ થશે તેમ કહી શરત મુકી હતી. બાદમૌ તેને પડધરી સબરજીસ્ટ્રાર કચેરીએ રાજિસ્ટ્રાર કઇ પુછે તો હા જ કહેવાનું ! તેમ કહી સમજાવી સાટાખતના નામે લીધેલ જમીનનો દસ્તાવેજ કરાવી લીધો હતો જેના બદલામાં તેને ૫.૫૦ લાખ આપ્યા હતા.

જેમાંથી ૫૦ હજાર એડવાન્સ વ્યાજ પેટે પરત લઇ લીધા હતા. રજીસ્ટ્રાર કચેરીના નોટીસ આવતા યુવાને ન જાણ થઇ હતી પરંતુ અલ્પેશ દોંગાએ ભોળવીને ત્રણેય નોટીસ લઇ લીધી હતી. બાદમાં હિસાબ પુરો કરવા આરોપીએ ૯.૮૬ લાખ માંગતા તેને ચુકવી દીધા હતા છતા તે દસ્તાવેજ રદ કરવાને બદલે પઠાણી ઉઘરાણી કરતો હતો. બાદમાં ધમકાવી આરોપીઓએ ૧.૦૭ લાખની રકમ પડાવી હતી. બીજી તરફ આ ગુનામાં રાજકોટ ગ્રામ્ય એલસીબી પીઆઇ જે.પી. રાવ અને પડધરી પોલીસ પીઆઇ એમ. આર. ચૌહાણ સહિતના સ્ટાફને આરોપી અલ્પેશ દોંગા રાજકોટ શહેરમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર ટવીન ટાવરમાં સાઉથ બ્લોક બિલ્ડીંગના આઠમા માળે ઓફિસને ૮૦૧મા લોકોને નોકરી પર રાખી ખેડુતોને લોનની લાલચ આપી જમીનના દસ્તાવેજો કરાવી લેતો હોવાની બાતમી મળી હતી.

આ બાતમીના આધારે ગઇ તા.૨૪ના સાંજે ૭ થી લઇ ગઇકાલ સવારના છ વાગ્યા સુધી ઝડતી કરાઇ હતી. જેમાં આરોપીની ઓફિસમાં અલગ-અલગ રૂમમાં કુલ ૧૪ મહિલા કર્મચારીઓ ફોન પર કામ કરતી મળી આવી હતી. જે તમામના નિવેદનો પોલીસ દ્વારા લેવાયા હતા. એટલુ જ નહી પોલીસ તપાસમાં રાજકોટ ઉપરાંત આરોપીનું અમદાવાદના ગોતામાં જગતપુરા રોડ પર ગણેશ ગ્લોરીના સ્થળે પણ કોલ સેન્ટર આવેલુ હોવાની માહિતીના આધારે એક ટીમે ત્યાં પણ ઝડતી કરતા ત્યાંથી અલગ અલગ ચીજવસ્તુઓ મળી આવી હતી.

પોલીસે ૪ સીમકાર્ડ, ૩ ફોન, અલગ-અલગ લોકોના સહિવાળા કોરા ચેક, વાઇફાઇ, અલગ-અલગ ચોપડા, ડાયરી, ખેડુતોની જમીનના ૭/૧૨ના ઉતારા વગેરે વસ્તુઓ મળી આવી હતી. જેથી પોલીસે બંને સ્થળેથી કોલીંગ માટે વપરાતા ૧૪ ફોન, ૧ કોમ્પ્યુટર સીપીયુ, વાઇફાઇ રાઉટર, પાંચ સીમકાર્ડ, અલગ- અલગ ડાયરીઓ, ચોપડાઓ, રાજકોટ સહિત રાજયના આઠ જીલ્લાના ૩૨ જેટલા જમીન માલીકના ૭/૧૨ આધારકાર્ડ- પાનકાર્ડની નકલો, સાટાકરાર, સ્ટેમ્પ પેપર પરના સોંગદનામુ, કેન્સલ અને ૧૦ જુદા-જુદા ખાતેદારોના સહિવાળા ચેકો, જાહેરાત, પત્રીકા, અલ્પેશ દોંગા નામે નોંધાયેલ ફરીયાદ અને જામીન હુકમોની નકલો વગેરે મળી રૂા.૧.૪૭ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

વધુ માહિતી અનુસાર ઓફિસના માલિકો અલ્પેશ દોંગા તથા અક્ષીત અકબરી, લોનની જરૂરિયાતવાળા તથા ખેતીની જમીન લે-વેચ કરવા ઇચ્છુક સંચાલિત લોકોના મોબાઈલ નંબરોની યાદી અને બોલવાની ''સ્કિપ્ટ'' કર્મચારીઓને આપતા હતા. તેના કર્મચારીઓને રૂબરૂ તથા ''વ્શ્યદ્દ નામના વોટ્સએપ ગ્રુપ મારફતે સૂચનાઓ આપવામાં આવતી હતી કર્મચારીઓ ઓફિસથી આપેલ ફોન પરથી પોતાને ''બાલાજી લોન'' અથવા ''ગીતા ચેરીટેબલ ટ્રસ્ટ'' માંથી બોલે છે તેમ જણાવી, માલિકોની સૂચના મુજબ પોતાનું સાચું નામ બદલીને ખોટા નામે ખેડૂતીને ''એગ્રીકલ્ચરલ લોન'' માટે કોલ કરતા હતા.

દરેક કોલની વાતચીત અને ખેડૂતના પ્રતિભાવની નોંધ ડાયરી કે ફૂલસ્કેપ બુકમાં રાખવામાં આવતી હતી. ''શ્રી અષ્ટલક્ષ્મી લોન હાઉસ-ખેતીની જમીન તથા મકાન ઉપર બે કરોડ સુધી લોન'' તથા ''ખેડૂત ભાઈઓ માટે ૭/૧૨ ઉપર સૌથી વધુ લોન''જેવા લખાણવાળી પત્રિકાઓ અને કવરો દ્વારા ખેડૂતોને આકર્ષવામાં આવતા હતા. એફિસ પર બોલાવી સાટાખત આધારે લોનનું કહી જમીનના દસ્તાવેજ કરાવી લેવાતા હોવાનું પોલીસની તો પ્રાથમિક તપાસમાં જણાયું હતું. આ ઉપરાંત આરોપી અલ્પેશ દોંગા અગાઉ પડધરી, મેટોડા, જેતપુર તાલુકા, ગોંડલ, રાજકોટ, શહેર, તાલૂકા માલવીયા, અને આજોતી પોલીસ મથકમાં વ્યાજખોરી, આપઘાતની ફરજ, છેતરપીંડી, સહિતના ૧૩ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે. જયારે આરોપીમાં એક એક ગુનામાં પોલીસ રક્ષીત અને પીયૂષ રાજકોટમાં ચોપડે ચડી ચુકયો છે.

વધુ માહિતી અનુસાર આ ગુનાની તપાસ કરી રહેલી સ્પેશીયલ પોલીસ ટીમ દ્વારા કબ્જે કરાયેલા ૭/૧૨ સાટાખત, સહિતના કોરા ચેક છે તે ખેડૂતોના સંપર્ક કરી તે ટોળકીના ભોગ બન્યા છે કે કેમ તે અંગે ખરાઇ કરાઇ રહી છે. મોબાઇલ, કોમ્પ્યુટર અને ટ્રસ્ટના વોટ્સએપ ગ્રૂપનો ડેટા સાયબર નિષ્ણાતો મારફત મેળવવા કવાયત શરૂ કરાઇ છે. તો આરોપી પાસે નાણા ધીરધારનું લાયસન્સ છે કે કેમ, નાણાકીય વ્યવહારો, બેંકખાતા, દસ્તાવેજોના આધારે લેવાયેલા નાણાની તપાસ શરૂ કરાઇ હતી. તો આરોપીઓની બાલાજી લોન, ગીતા ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી અષ્ટલક્ષ્મી લોન હાઉસ અને પટેલ ઈન્વેટસ્ટમેન્ટ પોઇન્ટના નામે થયેલ પ્રવૃતિઓ આ ટોળકીમાં સંડોવાયેલ અન્ય શખ્સો વગેરે મામલે તપાસ શરૂ કરાઇ હતી.

### નાના ભાઈની પત્નિને ભગાડી જનારા સાથે સમાધાન કરી લીધુ છતાં ખાર રાખી ટોળકી રચી તૂટી પડ્યો

# મનદુઃખમાં મારી નાંખવાનો પ્રયાસઃ ચીકનનો ધંધાર્થી ગંભીર

## વેપારી પાસે નાણાની ઉઘરાણી કરવા ગયો ત્યારે પાન ફાકી ખાવા ઉભો તે વખતે લોખંડના પાઇપના ઘા થયાઃ જુનાગઢથી ગંભીર હાલતમાં રાજકોટ ખસેડવામા આવ્યો

રાજકોટઃ નાની મોટી વાતે લોકો એક બીજા પર તૂટી પડતાં હોવાના બનાવો વારંવાર બનતા રહે છે. ઘણીવાર આવા હુમલામાં જે તે વ્યક્તિ ગંભીર હાલતમાં મુકાઇ જાય છે તો ઘણીવાર તેની લોથ પણ ઢળી જાય છે. આવી જ વધુ એક હત્યાના પ્રયાસની ઘટના સામે આવી હતી. જેમાં એક ચીકનનો ધંધાર્થી યુવાન બીજા વેપારી પાસે પૈસાની ઉઘરાણી કરવા ગયો ત્યારે રસ્તામાં પાન ફાકી ખાવા ઉભો તે વખતે જુના મનદુઃખને લીધે એક શખ્સ બીજા શખ્સોની સાથે મળી લોખંડના પાઇપથી તૂટી પડતાં આ યુવાન અને તેના કુટુંબી ભાઇને ઇજાઓ પહોંચી હતી. ચીકનના વેપારીની હાલત અત્યંત ગંભીર થઇ જતાં તેને જુનાગઢથી રાજકોટ ખસેડાયો હતો. તેના નાના ભાઇની પત્નિને ભગાડી જવા મામલે ચાલતાં મનદુઃખમાં તેને મારી નાંખવાનો પ્રયાસ થયોહ તો.

વિગતો પર નજર કરીએ તો જુનાગઢમાં રહેતાં અને ચીકનની દૂકાન ચલાવતાં યુવાન પર નજીકના ખાડીયા ગામે તે રાતે એક વેપારી પાસેથી પૈસા લેવાના હોઇ ત્યાં ગયો ત્યારે રસ્તામાં પાન ફાકી ખાવા ઉભો રહ્યો તે વખતે ખાડીયા ગામે રહેતાં શખ્સે જુના મનદુઃખનો ખાર રાખી બીજા શખ્સો સાથે ધસી આવી લોખંડના પાઇપથી હુમલો કરી આડેધડ ઘા ફટકારતાં ગંભીર ઇજા સાથે તેને સારવાર માટે રાજકોટ ખસેડાયો છે. આ યુવાનની સાથે કુટુંબી ભાઇ હોઇ તેને પણ મારકુટ થતાં તે જુનાગઢ સારવાર માટે દાખલ કરાયો હતો.



વધુ વિગતો જોઇએ તો જુનાગઢ સુખનાથ ચોક નરસિંહ મહેતા ચોરા પાસે રહેતો ઓગણત્રીસ વર્ષાનો સરફરાજ મુરાદભાઇ મકરાણી રાતે અગીયારેક વાગ્યે નજીકના ખાડીયા ગામે પોતાના કુટુંબી ભાઇ બાવીસ વર્ષના અરબાઝ નાજીરભાઇ મકરાણને બાઇકમાં બેસાડી નજીકના ખાડીયા ગામે ચીકનનો ધંધો કરતાં વેપારીને અગાઉ માલ આપ્યો હોઇ તેના પૈસાની ઉઘરાણી કરવા ગયો હતો. બંને ભાઇઓ ખાડીયા ગામે વેપારી પાસે જાય એ પહેલા રસ્તામાં પાન ફાકી ખાવા ઉભા હતાં.

ત્યાં જ ખાડીયામાં રહેતો અલ્ફેઝ મકરાણી અજાણ્યા શખ્સો સાથે ધસી આવ્યો હતો અને પાઇપથી હુમલો કરી સરફરાજને આડેધડ ઘા ફટકાર્યા હતાં. તેનો ભાઇ અરબાઝ મકરાણી વચ્ચે પડતાં તેને પણ માર મારવામાં આવ્યો હતો. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. અરબાઝે ફોનથી પોતાના કુટુંબીઓને જાણ કરી હતી અને ગંભીર ઇજાગ્રસ્ત સરફરાજને જુનાગઢ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ત્યાંથી બેભાન હાલતમાં વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જુનાગઢ તાલુકા પોલીસને જાણ કરતાં હત્યાની કોશિષનો ગુનો નોંધવા તજવીજ કરવામાં આવી હતી.

વધુ માહિતી અનુસાર ગંભીર હાલતમાં સારવાર હેઠળ રહેલો સરફરાજ ચાર ભાઈમાં મોટો છે અને સંતાનમાં બે દિકરી છે. તે સુખાના ચોમાં ચીકનની દુકાન ચલાવે છે. સગાના કહેવા મુજબ થોડા દિવસો પહેલા સરફરાજના નાના ભાઇ અફઝલની પત્નિને અલ્ફેઝ ઉર્ફે લાલો જે ખાડીયામાં રહે છે તે ભગાડી ગયો હતો અને મૈત્રી કરાર કરી લીધા હતા. આ કારણે માથાકુટ થયા બાદ સમાધાન કરી લેવાયુ હતું અને અફઝલની પત્નિ અલ્ફેઝને સોંપી દીધી હતી. જો કે આ પછી પણ અલ્ફેઝે મનદુઃખ રાખ્યું હતુ અને રાતે સરફરાઝ તથા અરબાઝ દુકાન બંધ કરી જુના પૈસાની ઉઘરાણી માટે ખાડીયા ગામે ગયા ત્યારે અલ્ફેઝ, કાબુભાઇ, અનુભાઇ સહિતનાએ ધસી આવી આડેધડ પાઇપના ઘા ફટકાર્યા હતાં. સરફરાજની હાલત ગંભીર ગણાવાઇ રહી હતી. આ ઘટનાએ જુનાગઢમાં ચકચાર જગાવી દીધી છે. પોલીસે હુમલાખોરોને ઝડપી લેવા કાર્યવાહી કરી હતી.

### અલગ અલગ જગ્યાએ અલગ અલગ કારણોસર છરી-ધોકા-પાઇપથી દે ધનાધન

# છોકરી ભગાડવા મામલે યુવાન પર કુટુંબી તૂટી પડ્યા

## વૃધ્ધ રિક્ષાચાલકે ભાડાના પૈસા માંગતા મુસાફરે નાક પર ધૂંબા મારી લોહી કાઢ્યાઃ ત્રીજી ઘટનામાં બાઇક ધીમુ હાંકવાનું કહી મારામારી કરાઇઃ ત્રણેય કિસ્સામાં મળી પાંચને ઇજા

રાજકોટઃ મારામારીના બે અલગ અલગ બનાવો સામે આવ્યા હતાં. જેમાં એક બનાવમાં લાતી પ્લોટમાં રહેતાં એક યુવાનને ઘર નજીક આંતરી તેના જ કુટુંબી ભત્રીજા સહિત ત્રણે ઢીકાપાટુનો માર મારી છરીથી પણ ઇજા કરતાં સારવાર લેવી પડી હતી. યુવાનની કુટુંબી ભત્રીજીને હુમલાખોર અગાઉ ભગાડી ગયો હોઇ તે બાબતના મનદુઃખમાં આ બનાવ બન્યો હતો. બીજી ઘટનામાં એક રિક્ષાચાલ વૃધ્ધે ભાડાના પૈસા માંગતા મુસાફરે ધુંબા મારી લોહીલુહાણ કરી નાંખ્યા હતાં. ત્રીજા બનાવમાં બાઇક કેમ સ્પીડથી હંકારો છો કહી માથાકુટ કર્યા બાદ હુમલો કરાયો હતો. જેમાં ત્રણને ઇજા થઇ હતી.

વિગતો જોઇએ તો પ્રથમ બનાવમાં બી-ડિવીઝન પોલીસે કુવાડવા રોડ લાતી પ્લોટ-૧૦માં રહેતાં બત્રીસ વર્ષાના મેહુલભાઇ પરબતભાઇ માલકીયાની ફરિયાદ પરથી જીજ્ઞેશ ઉર્ફે જીગો સુરેશભાઇ માલકીયા, તેનો ભાઇ રોહિત અને તેના કાકા વિજયભાઇ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. મેહુલભાઇ પરિવાર સાથે રહે છે અને મજુરી કરી ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે આજથી બે માસ પહેલા મારી કુટુંબિક ભાણેજને અમારો કુટુંબી ભત્રીજો જીગ્નેશ જીગો સુરેશભાઈ માલકીયા ભગાડી લઈ ગયેલ હતો ત્યારથી અમારે તેના સાથે મન દુઃખ ચાલે છે.

સાંજે સાડા પાંચેક વાગ્યાના સમય હું લાતી પ્લોટ શેરી નંબર ૧૦ પાસે આવેલ ભારત પાન નામની દુકાને ઉભો હતો ત્યારે જીગ્નેશ ઉર્ફે જીગો તથા તેનો ભાઈ રોહિત તથા તેના કાકા વિજયભાઈ આ ત્રણે મારી પાસે આવ્યા હતાં. આ લોકો મારી સાથે ઝઘડો કરશે તેવું મને લાગતા હું ત્યાંથી થઇ ગયો હતો. પરંતુ ત્રણેય મારી પાછળ આવવા લાગ્યા હતાં. હું શેરી નંબર ૯ પાસે પહોંચેલ ત્યારે ત્રણેયએ આંતરી લીધો હતો. બાદ તેણે કહેલું કહ્યું કે-હું છોકરીને ભગાડી ગયેલ તેમાં તું બહુ રસ લેતો હતો અને મારા ઉપર તે જ કેસ કરાવેલ હતો.

તેમ કહી ત્રણેય ભૂંડી ગાળો દેવા માંડ્યા હતાં. જીગાના હાથમાં છરી હોઇ મને મારવા જતાં મેં હાથેથી પકડી લેતાં ડાબા હાથથી પકડી લેતાં રોહિત અને વિજય ઢીકાપાટા મારવા માંડ્યા હતાં. દેકારો થતાં મારા કાકાનો દિકરો કિશોરભાઇ અને બનેવી લક્ષમણભાઇ આવી ગયા હતાં અને મને છોડાવ્યો હતો અને ૧૦૮ બોલાવી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. મેહુલભાઇ સારવાર માટે



સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડીવીઝન પીએસઆઇ એમ.આઇ. શેખએ ગુનો નોંધ્યો હતો.

બીજી મારામારીની ઘટના જોઇએ યુનિવર્સિટી રોડ પર પુષ્કરધામ પાસે વિમલનગરમાં રહેતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં વૃધ્ધે સાંજે એક નેપાળી શખ્સને મુસાફર તરીકે બેસાડ્યો હોઇ આ શખ્સે ભાડાના પૈસા ન આપી ગાળાગાળી કર્યા બાદ વૃધ્ધ રિક્ષાચાલકને માથા-મોઢા પર મુક્કા મારી લોહીલુહાણ કરી નાંખતાં તેઓ બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. વમલનગર-૧માં રહેતાં સાંઇઠ વર્ષના વીસાભાઇ સાંગાભાઇ ખાંભલા સાંજે ચારેક વાગ્યે સાધુ વાસવાણી રોડ પર જનકપુરી પાસેના ક્વાર્ટર પાસે હતાં.

ત્યારે રિક્ષામાં મુસાફર તરીકે બેઠેલા નેપાળી શખ્સે ઝઘડો કરી આડેધડ માથા-મોઢા-નાક પર ધૂંબા મારતાં તેઓ બેભાન થઇ ગયા હતાં અને નાકમાંથી લોહી નીકળવા માંડ્યા હતાં. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં હુમલાખોર ભાગી ગયો હતો. વિસાભાઇ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સ્ટિી પોલીસને જાણ કરી હતી. સવારે ભાનમાં આવેલા વૃધ્ધ વિસાભાઇએ કહ્યુ.હતું કે પ્રેમ મંદિર પાસેથી નેપાળી શખ્સે રિક્ષા ભાડે કરી હતી.

તેને સાધુ વાસવાણી રોડના ક્વાર્ટરે જઇ ત્યાંથી ફરી કોટેચા ચોકમાં જવું હતું. જેથી મેં રૂપિયા ૧૦૦ ભાડુ કીધુ હતું. હું તેને જનકપુરી પાસેના ક્વાર્ટર ખાતે લઇ ગયો ત્યારે તે ઉતરીને હમણા આવું કહીને ગયો હતો. મોડેથી તે પાછો આવ્યો ત્યારે મેં તેને કોટેચા ચોક મુકી જાય બેસો તેમ કહેતાં તેણે હવે ત્યાં નથી જવું તેમ કહેતાં મેં ભાડાના પૈસા માંગતા ગાળો ભાંડવા માંડ્યો હતો. આ પછી તેણે મુક્કાથી મને આડેધડ માર માર્યો હતો.

મારામારીના ત્રીજા બનાવમાં ગોંડલમાં ખોડિયારનગરમાં રહેતા દિલીપભાઈ નાથાભાઈ ડાભી નામના બેતાલીસ વર્ષના યુવાન, તેનો પુત્ર જતીન અને દિલીપભાઈનો ભત્રીજો અનિલ રમેશભાઈ ડાભી સહિતના ઘર પાસે હતા ત્યારે મંગલમ પાર્કમાં રહેતા દંપતી સહિતના શખ્સોએ પાઇપ-લાકડી વડે હુમલો કરતા ત્રણેયને ઇજા થવાથી પ્રથમ ગોંડલ અને ત્યાંથી રાજકોટ સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા. અહિ દિલીપભાઈને દાખલ કરી બીજા બેને પ્રાથમિક સારવાર અપાઇ હતી.

બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી. દિલીપભાઈના પુત્ર જતીનના કહેવા મુજબ ગઈકાલે અમે બે બાઇકમાં પાંચ જણા મંગલમ પાર્કની શેરીમાંથી નીકળ્યા હતા ત્યારે ત્યાં બહાર રોડ પર મહિલાઓ બેઠી હોઇ તેણે અમને જોઈને ગાળો આપી હતી. અમે તેને ગાળો આપવાની ના પાડતા બાઈક રોકી તમે અહીંથી કેમ સ્પીડમાં બાઈક હંકારીને નીકળો છો તેમ કહી ધોલધપાટ કરવા લાગ્યા હતા. ટોળું ભેગું થઇ મારમારવા લાગતા અમે ઘર તરફ ભાગી છૂટ્યા હતા.

ત્યાં આઠથી દસ શખ્સો પાઇપ ધોકા અને લાકડીઓ લઈને આવી આડેધડ મારમારવા લાગતા મને મારા પિતાને અને કાકાના દિકરાને ઇજા થઇ હતી. અગાઉ ભરતના દિકરાએ અમારી બહેનની છેડતી કરી હતી તેની ફરિયાદ કરતા બાદમાં સમાધાન કર્યું હતું. આ વાતનો ખાર રાખી ફરીથી માથાકુટ કરાઇ હતી. પોલીસે આક્ષેપો અંગે તપાસ હાથ ધર હતી.

### વધુ એક યુવતિની જિંદગી બગડીઃ હું કાયમ વફાદાર રહીશ, ભરોસો રાખ કહી ભોળવી લીધી

# મેટ્રીમોનીયલ સાઈટથી યુવતિને ફસાવી દૂષ્કર્મ-બ્લેકમેઈલીંગ

### રાજકોટ રહેતી યુવતિની વડોદરાના શખ્સ વિરૂધ્ધ ફરિયાદઃ રજીસ્ટર મેરેજનું નાટક રચી પછી ધામધૂમથી પરણીશું એવુ કહી વારંવાર દેહ પીંખ્યોઃ મદદના નામે નવ લાખ નેવુ હજાર પણ લઈ ગયોઃ છેલ્લે લગ્નની ના પાડી ફોન કાપી નાંખ્યોઃ બી-ડિવીઝન પોલીસમાં ગુનો દાખલ થતાં એસીપી વી. બી. જાડેજાએ શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૨૬

મારા પર ભરોસો રાખ તારોરાજકોટઃ મેટ્રીમોનીયલ સાઈટ મારફત યુવતિઓને ફસાવી જિંદગી બગાડી નાંખતા અનેક લેભાગુઓનો પર્દાફાશ થઈ ચુક્યો છે. દરમિયાન શહેરમાં રહેતી અને મોડેલીંગનું કામ કરતી એક યુવતિનો વડોદરાના શખ્સે મેટ્રીમોનીયલ સાઈટ સાદી ડોટ કોમ મારફત સંપર્ક કરી લગ્નની લાલચ આપી રાજકોટ ખાતે શરીર સંબંધ બાંધી લઈ તેમજ ધંધામાં મંદી આવી છે જરૂર છે કહી ઉછીના પેટે દસ લાખ જેવી રકમ પડાવી લઈ માથે જતાં તેણીના ફોટા વિડીયો વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલીંગ કરતાં ગુનો દાખલ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો યુવતિ સાથે મેટ્રીમોનીયલ સાઈટથી સંપર્ક કરી લગ્નનું વચન આપી એક વખત દેહ પીંખી લીધો હતો. બાદમાં વડોદરા ખાતે યુવતિને લઈ જઈ લગ્નનું નોટરી કરી મેરેજ રજીસ્ટર થઈ ગયા તેવુ કહી બાદમાં વારંવાર શરીર સંબંધ બાંધી લઈ અંગત પળોના ફોટા વિડીયો બનાવી તેમજ ઉછીના પેટે લાખો રૂપિયા મેળવી લઈ તે પાછા ન આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી લગ્ન કરવાની ના પાડી દેતાં યુવતિએ જો તું દગો કરીશ તો હું ફરિયાદ કરીશ તેમ કહેતાં તેણીના ફોટા વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી બ્લેકમેઈલીંગ કરતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે ભોગ બનનાર ૩૬ વર્ષિય મહિલાની ફરિયાદ પરથી વડોદરામાં દુર્ગાનગર ઓ.પી. રોડ ખાતે રહેતાં પાર્થ વિજયભાઈ પરીખ વિરૂધ્ધ ગુનો નોંધયો છે.

ફરિયાદમાં આરોપ મુકયો છે કે પાર્થએ યુવતિને લગ્નની લાલચ આપી ફસાવી અવાર-નવાર શરીર સંબંધ બાંધી લગ્ન રજીસ્ટર કરાવ્યા બાદ ધામધૂમથી વિધી મુજબ લગ્ન કરાવની ના પાડી દઈ તેમજ થોડા સમયમાં પાછા આપી દેશે તેમ કહી રૂા. ૯ લાખ ૯૦ હજાર પણ લઈ જઈ અંગત પળોના ફોટા-વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપવાનો ગુનો નોંધ્યો હતો. ભોગ બનનારે ફરિયાદમાં જણાવ્યું છે કે હું મોડેલીંગનું કામ કરતી હતી અને લગ્ન માટે સારા પાત્રની શોધમાં હતી આથી મેટ્રીમોનીયલ સાઈટ પર એકાઉન્ટ બનાવ્યું હતું. એકાદ વર્ષ પહેલા આ માધ્યમથી




પાર્થ પરીખે મને ક્વિેસ્ટ મોકલીહ તી. એ પછી અમે મોબાઈલ નંબરની આપ-લે કરી એક બીજાના સંપર્કમાં આવ્યા હતાં. વ્હોટ્સએપ પર પણ મેસેજ કરતાં હતાં.

જે તે વખતે પાર્થે પોતે કુંવારો હોવાનું અને બીલ્ડીંગને લગતા વ્યવસાયમાં હોવાનું કહ્યું હતું. મેં તેને મારી જ્ઞાતિ સહિતની હકિકત જણાવી દીધી હતી. ત્યારે તેણે કહેલું કે તમારી જ્ઞાતિ બાબતે મને કોઈ જ વાંધો નથી. આ પછી હું રાજકોટ રહેતી હતી. ગત માર્ચ મહિનામાં પાર્થ મને મળવા રાજકોટ આવ્યો હતો. ત્યારે મારે પછી મારા કામ માટે અમદાવાદ જવાનું હોય ત્યારે તે મને કારમાં લેવા આવતો હતો. ત્યારબાદ માર્ચમાં જ મને તે અમદાવાદમાં મળવા આવેલો અને રાજકોટ મુકવા આવતી વખતે રસ્તામાં તેણે વાત કરી હતી કે આપણે રાતે હોટેલમાં રાકાઈ જઈએ. મેં ના પાડતાં તેણે કહેલું કે તું થોડીવાર માટે રોકાજે પછી તને ઘરે મુકી જઈશ.

આથી હું તેની સાથે શાપર પાસે હોટેલમાં ગઈ હતી. જ્યાં અમે જમ્યા હતાં પછી મેં તેને મુકી જવાનું કહેતાં તેણે મોડુ થઈ ગયું છે તુ રોકાઈ જા, તને અલગ રૂમ અપાવી દઉ તેમ કહી રોકી રાખી હતી. પછી તેણે કહેલું કે હવે તો આપણા લગ્ન થવાના જ છે તો તું શરીર સંબંધ બાંધી લે, હું કાયમને માટે વફાદાર રહીશ. આથી હું ડરી ગઈ હતી અને આ વસ્તુ શક્ય નહિ બને તેમ કહ્યું હતું. પણ તેણે વાતચીતથી વિશ્વાસ અપાવી તું મારી ઉપર ભરોસા રાખ તેમ કહી મારી અનીચ્છાએ શરીર સંબંધ બાંધી લીધા હતાં અને બીજા દિવસે મને મુકી ગયો હતો. આ પછી મેં તેને મારા પરિવારજનોને મળી લેવાનું કહેતાં તે મારા માતા-પિતા-ભાઈને મળવા પણ આવ્યો હતો.

ત્યારે અમે અમારી જ્ઞાતિની ચોખવટ ફરીથી કરી હતી. ત્યારે પણ પાર્થએ લગ્ન કરી જ લઈશ તેમ કહ્યું હતું. બાદમાં તે ઓગષ્ટમાં લગ્ન કરવાના નામે મને વડોદરા લઈ ગયો હતો અને ત્યાં ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર લગ્નનુ સોગંદનામુ કરી સહીઓ કરાવી હતી. એ પછી તેણે કહેલું કે આપણા લગ્ન રજીસ્ટર થઈ ગયા છે. બાદમાં આપણે ધામધુમથી લગ્ન કરશું હું મારા પરિવારને મનાવી લઈશ. મેં સોગંદનામાનો ફોટો પણ પાડી લીધો હતો. આ પછી થોડા દિસમાં પાર્થએ મને લગ્નનું પ્રમાણપત્ર વ્હોટ્સએપથી મોકલ્યુ.હતું. જે ખોટુ હોવાની મને શંકા છે. આ પછી અવાર-નવાર તે અલગ અલગ જગ્યાએ મને મળતો અને શરીર સંબંધ બાંધતો હતો.

તેમજ અંગત પળોના ફોટા વિડીયો લેતો હતો. મેં તેને લગ્નની તારીખ જોવડાવવાનું અવાર નવાર કહેતાં તે બહાના કરતો હતો. એ પછી તેણે કહેલું કે મારે ધંધામાં મોટી નુકસાની ગઈ છે તું મને રૂપિયાની મદદ કર. જેથી મેં બેંકમાં પડેલા રૂપિયા ને શેર વેંચીને ૯ લાખ ૯૦ હજાર આપ્યા હતાં. આ પછી પણ તેણે મારી પાસે વધુ પૈસા માંગતા મેં હવે મારી પાસે રૂપિયા નથી તેમ કહેતાં તેનું વર્તન ફરી ગયું હતું. એ પછી તેણે ચેકના ફોટા મોકલ્યા હતાં અને કહ્યું હતું કે તારા ખાતામાં પૈસા જમા થઈ જશે. પણ ચેક ક્લીયર ન થતાં તેને પુછતાં ઝઘડો કર્યો હતો.

ત્યારબાદ મેં તેને ધામધૂમથી લગ્ન કરવાનું કહેતાં તેણે જ્ઞાતિ વિશે જેમતેમ બોલી ઝઘડો કર્યો હતો અને હવે મને ફોન કરતી નહિ તેમ કહી દીધુ હતું. બાદમાં મેં પાર્થના પિતાને ફોન કરતાં તેણે કહેલુ કે આ બાબતે ફોન મને નહિ કરવાનો, પાર્થ અત્યારે હોસ્પિટલમાં છે તેમ કહી ફોન કાપી નાંખ્યો હતો. થોડા દિવસ પછી મેં ફરી પાર્થને ફોન કરી કહેલું કે જો આ રીતે મારી સાથે દગો કરશો તો હું પોલીસ ફરિયાદ કરીશ. જેથી પાર્થએ કહેલું કે તારા અને મારા વિડીયો ફોટા છે જે હું વાયરલ કરી દઈશ. આમ કહી તે બ્લેકમેઈલ કરતો હતો અને હવે ઘણા દિવસથી રીપ્લાય પણ આપતો ન હોઈ મારા પરિવારજનોએ ફરિયાદ નોંધાવવાનું કહેતાં મેં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં યુવતિએ ફરિયાદમાં જણાવતાં પોલીસ ઈન્સપેક્ટર જી. આર. ચૌહાણ, પીએસઆઈ એમ. આઈ. શેખએ ગુનો દાખલ કરતાં આગળની તપાસ એસીપી વી. બી. જાડેજાએ વિશેષ તપાસ શરૂ કરી હતી.

# નકલી જંતુનાશક દવા બનાવવાનું કારસ્તાન

### પડધરી પોલીસે દરોડો પાડી કૌભાંડીયાઓ સામે ગુનો નોંધ્યો

રાજકોટ તા. ૨૫

રાજકોટઃ લેભાગુઓ કોઈપણ ચીજવસ્તુઓનું ડુપ્લીકેશન કરી લોકોને અસલીના નામે ધાબડી પોતાના ગજવા ગરમ કરતાં હોય છે. નકલી દૂધ, નકલી પનીર, નકલી ઘી, નકલી ચીઝ, નકલી દારૂ પછી હવે નકલી જંતુનાશક દવા બનાવવાના કારસ્તાનનો પર્દાફાશ થયો છે. રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના અમરેલી ગામનની સીમમાં રેડવુડ ઈન્ડસ્ટ્રીયલ કારખાનાની ઓરડીમાં ચાલી રહેલા નકલી જંતુનાશક દવા બનાવવાના કારસ્તાનમાં પોલીસે કાર્યવાહી કરી હતી.




વિગતો અનુસાર ખેતીવાડીની દવાઓનું ઉત્પાદન કરતી કંપનીની નકલી દવા આ ઓરીડીમાં બનાવામાં આવી રહી હતી. પડધરી પોલીસે આ મામલે નકલી દવા બનાવવા બદલ નિર્ભય હરસુખભાઈ સુદાણી (રહે. ત્રીમૂર્તિ ટાવર, માયાણી ચોક, લક્ષ્મીનગર રોડ)ની સામે ગુનો દાખલ કર્યો હતો. આ મામલે નીતિનભાઈ ભીખાભાઈ પટેલ (સાનીધ્ય એપાર્ટમેન્ટ, રાણીપ, અમદાવાદ) એ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે તે ચેકઆઈપી સોલ્યુશન પ્રા. લી. હરીયાણાનાં સીનીયર ઈન્વેસ્ટીગેશન ઓફીસર તરીકે પાંચ વર્ષથી કામ કરે છે.

તેનું કામ તેની બાયર ક્રોપ સાયન્સ લી. યુનાઈટેડ ફોસ્ફરસ લી. સીજેન્ટા કંપની, ઈન્સેકટીસાઈસ ઈન્ડીયા લી. અને એફએમસી ઈન્ડીયા લીમીટેડ કંપનીમાં બનતી ખેતીવાડીની દવાઓનું દેશમાં કોઈ સ્થળે ડુપ્લીકેટ કરતુ હોય તો તેની સામે કાર્યવાહી કરવાનું છે. પડધરીના અમરેલીમાં કારખાનાની ઓરડીમાં આ કંપનીના દવાઓ ડુપ્લીકેટ બનતી હોવાની માહિતીના આધારે રાજકોટ ગ્રામ્ય એસ. ઓ. જી.ના સ્ટાફ સાથે ત્યાં તપાસ કરતાં ત્યાંથી નિર્ભય સુદાણી મળી આવ્યો હતો.તપાસ કરતાં તે કારખાનાની ઓરડીમાં કંપનીની ડુપ્લીકેટ દવાઓ હોવાનું જાણવા મળ્યુ હતું. પોલીસે ત્યાંથી દવાઓનુ મિશ્રણ રૂા. ૧૦.૧૨ લાખ, સ્ટીકર, રોલ, ખાલી બોટલો, ઢાંકણા સહિત રૂા. ૧૦.૧૨ લાખનો મુદામાલ કબ્જે કરી નિર્ભય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરાઈ હતી.

### સાયબર ગઠીયાઓ અને રૂબરૂ આવીને છેતરી જનારાઓના વધુ બે નવા કિસ્સા

# APK ફાઈલ ખોલતાં જ વેપારીને લાગી ગયો ચૂનો

### ફોન હેક થયો અને ખાતામાંથી પોણા બે લાખ ગયાઃ બીજા બનાવમાં નવી પોલીસીના બહાને એજેન્ટે ગ્રાહકને દઈ દીધો સવા ત્રણ લાખનો ડામ

રાજકોટ તા. ૨૬

રાજકોટઃ ઓનલાઈન સાયબર ફ્રોડની વધુ એક ઠગાઈમાં ગઠીયાઓએ એપીકે ફાઈલનો ઉપયોગ કરી હતી. વેપારીને ઇ-લગ્નની કંકોત્રી મળી હતી જે ઓપન કરતાં જ પોણા બે લાખ ગાયબ થયા હતાં. બીજી તરફ નવી પોલીસીના બહાને વીમા એજન્ટ સવા ત્રણ લાખ ખાઈ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો વડોદરા કારેલીબાગ વીઆઈપી રોડ વિસ્તારમાં રહેતા અને કોઠી ચાર રસ્તા પાસે નાસ્તાની દુકાન ચલાવતા અઠાવન વર્ષીય વેપારી સુરેશભાઈ શર્મા સાયબર ફ્રોડનો ભોગ બન્યા હતો. વેપારી સુરેશભાઈને તેમના મિત્ર સચિન જાધવના નંબર પરથી વેડિંગ ઈન્વિટેશન કાર્ડ.એપીકે નામની ફાઈલ આવી હતી. તેમણે ફાઈલ ઓપન કરી પરંતુ કોઈ પેજ ખુલ્યું નહોતું. જોકે, થોડી જ વારમાં ઉપરાછાપરી બ્બ્ આવવા લાગ્યા હતા. શંકા જતાં તેમણે મિત્રને ફોન કર્યો ત્યારે મિત્રએ પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થઈ ગયું હોવાનું જણાવ્યું હતું.

આ પછી ઓટીપી આવતાં જ સુરેશભાઈએ




તાત્કાલિક બેંક ખાતું બંધ કરાવ્યું હતું. બે અઠવાડિયા સુધી કોઈ ગતિવિધિ ન જણાતાં તેમણે ખાતું ફરી ચાલુ કરાવ્યું હતું. પણે જ દિવસે સાંજે અચાનક તેમના ખાતામાંથી કુલ રૂ. ૧.૮૯ લાખથી વધુની રકમ ઉપડી ગઈ હતી. આ બનાવ અંગે હરણી પોલીસે ગુનો નોંધ્યો હતો. એપીકે ફાઈલ ક્યારેય ઈન્સ્ટોલ ન કરવી. વોટ્સએપ કે અન્ય મેસેજિંગ એપ પર કોઈપણ વ્યક્તિ તરફથી લગ્નની કંકોત્રી, ફોટો કે અન્ય કોઈ દસ્તાવેજના નામે મોકલેલી ફાઈલના અંતમાં જો એપીકે લખેલુ હોય, તો તેને ભૂલથી પણ ડાઉનલોડ કે ઈન્સ્ટોલ કરવી નહીં. મોબાઈલ હેંગ કે અજાણ્યા ઓટીપી આવે તો સાવધાન થઈ જવું. જો કોઈ અજાણી ફાઈલ ખોલ્યા બાદ ઉપરાઉપરી ઓટીપી આવવા લાગે અથવા મોબાઈલ અસામાન્ય રીતે કામ કરે, તો તરત જ મોબાઈલનો ડેટા બંધ કરી એરપ્લેન મોડ પર મૂકવો. માત્ર બેંક ખાતું નહીં, મોબાઈલ પણ ફોર્મેટ કરાવોં માલવેર કે વાયરસ માત્ર બેંક ખાતામાં નહીં પરંતુ મોબાઈલ ડિવાઈસમાં ઈન્સ્ટોલ થઈ જાય છે. તેથી બેંક ખાતું બંધ કરવાની સાથે મોબાઈલને સંપૂર્ણ ફેક્ટરી રીસેટ કરવો જરૂરી છે.

બીજી ઠગાઈમાં અમરાઈવાડીમાં વીમા પોલિસી ટ્રાન્સફર અને નવી પોલિસી શરૂ કરવાના બહાને ગ્રાહક પાસેથી ચાર સહી કરેલા કોરા ચેક મેળવી રૂ.૩.૧૭ લાખની છેતરપિંડી કરાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. અમરાઈવાડીમાં રહેતા અને ગોમતીપુરની અરવિંદ મીલમાં નોકરી કરતા ૫૪ વર્ષીય -વિણભાઈ પરમારે વર્ષ ૨૦૧૮માં તુષારકાંતા મહાપાત્રા પાસેથી એસબીઆઈ લાઈફની સ્માર્ટ વેલ્થ બિલ્ડર પોલિસી લીધી હતી. પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂ.૫૦ હજારનું પ્રીમિયમ ભર્યા બાદ જૂન ૨૦૨૪માં એજન્ટે ઘરે આવી દીકરી અંજલીના નામે નવી સ્માટ પ્લેટીના પ્લસ પોલિસી લેવાની સલાહ આપી હતી.

આ પછી જૂની પોલિસીમાંથી જ પ્રીમિયમ ટ્રાન્સફર થઈ જશે તેમ કહી એજન્ટે બે સહી કરેલા કોરા ચેક લીધા હતા. પોલિસી ટ્રાન્સફરના બહાને વધુ બે કોરા ચેક અને અસલ પોલિસી બુક પણ મેળવી લીધી હતી. બાદ નવી પોલિસીના પ્રીમિયમ અંગે કંપનીમાંથી ફોન આવતાં -વિણભાઈને શંકા ગઈ હતી. મણિનગર બ્રાન્ચમાં તપાસ કરતાં જૂની પોલિસી બંધ કરાવી તેમના ખાતામાંથી ચેક મારફતે કુલ રૂ.૩.૧૭ લાખ ઉપાડી લીધા હતા.

### જિંદગીનો કોઈ ભરોસો નથી...જન્મે એમનું મૃત્યુ નિશ્ચીત...પણ ઓચીંતી વિદાય આપી જાય કારમા આઘાત

# ખેડૂત ગૂમ થયા બાદ તેના જ કૂવામાંથી મળી લાશ

### બીજી ઘટનામાં દારૂના રવાડે ચડેલો યુવાન નશામાં એસિડ પી જતાં જીવ ગુમાવ્યોઃ ત્રીજી ઘટનામાં યુવાનનું અને ચોથી ઘટનામાં વૃધ્ધનુ બેભાન થઈ ગયા બાદ મૃત્યુ

રાજકોટ તા. ૨૫

રાજકોટઃ અપમૃત્યુના વધુ ચાર બનાવ રોજીંદા ક્રમ મુજબ નોંધાયા હતાં. જેમાં એક યુવાન ઘરેથી નીકળ્યા બાદ ગૂમ થઈ ગયા પછી બીજા દિવસે તેની લાશ તેની જ વાડીના કુવામાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બીજી ઘટનામાં એક યુવાન દારૂના નશામાં એસિડ પી જતાં જીવ ગયો હતો. ત્રીજી ઘટનામાં એક વૃધ્ધનું બેભાન થઈ ગયા બાદ મૃત્યુ થયું હતું. તો ચોથી ઘટનામાં એક યુવાનનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો જસદણના કુંદણી ગામે રહેતાં ખેડુત ગુરૂવારે ઘરેથી નીકળ્યા બાદ ગૂમ થઈ ગયા બાદ ગઈકાલે તેમની જ વાડીના કૂવામાંથી ફુલાઈ ગયેલી હાલતમાં તેમની લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ છે. પરિવારજનો ઠેકઠેકાણે શોધખોળ કરી રહ્યા હતાં ત્યારે શેઢા પાડોશીએ વાડીના કૂવામાં ચપ્પલ તરતાં હોવાની જાણ કરતાં પરિવારજનોએ તપાસ કરતાં કૂવા અંદરથી લાશ મળી હતી. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે પોલીસે મૃતદેહ રાજકોટ ખસેડ્યો હતો. વધુ માહિતી અનુસાર કુંદણી ગામે રહેતાં લાલજીભાઈ બીજલભાઈ હાંડા નામના અડતાલીસ વર્ષના આધેડ ગુરૂવારે સવારે ઘરેથી નીત્યક્રમ મુજબ નીકળ્યા હતાં.

વાડીએ આંટો મારીને બીજા એક કામે જવાના હોવાનું કહીને તેઓ નીકળ્યા હતાં. જો કે મોડી સાંજ સુધી તેઓ પરત ન આવતાં અને ફોન પણ ન લાગતાં પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતાં અને સગા સંબંધીઓને ત્યાં શોધખોળ શરૂ કરી હતી. ગઈકાલે બપોર સુધી તેમનો પત્તો ન મળતાં પરિવારજનો પોલીસ સ્ટેશને જવાની તૈયારીમાં હતાં ત્યાં જ લાલજીભાઈની જ્યાં વાડી છે ત્યાના શેઢા પાડોશીએ ફોન કરી જાણ કરી હતી કે તમારી વાડીના કૂવામાં ચપ્પલ તરે છે. આથી પરિવારજનો તુરત જ વાડીએ પહોંચ્યા હતાં.

પરિવારજનોએ કૂવામાં જોતાં એ ચપ્પલ લાલજીભાઈના જ હોવાનું જણાતાં તરવૈયાઓ મારફત અંદર તપાસ કરતાં મૃતદેહ મળી આવતાં





સ્વજનોમાં કલ્પાંત સર્જાયો હતો. જસદણ પોલીસને જાણ કરતાં પોલીસ પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી કરી જસદણ હોસ્પિટલે મૃતદેહ ખસેડ્યો હતો. જો કે મૃતદેહ ફુલાઈ ગયો હોઈ ફોરેન્સિક પોસ્ટમોર્ટમનું કહેવાતા મૃતદેહ રાજકોટ ખસેડાયો હતો. મૃત્યુ પામનાર લાલજીભાઈ બે ભાઈ અને બે બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. વાડીએ પગ લપસી જતાં કૂવામાં પડી ગયાની શક્યતા પરિવારજનોએ જણાવી હતી. સગાએ કહ્યું હતું કે અમને મૃત્યુ અંગે કોઈ શંકા નથી. પણ મૃતદેહ ફુલાઈગયો હોઈ જેથી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજી ઘટના જોઈએ તો ધારી તાબેના ખોખરા મહાદેવ ગામે રહેતાં ૨૫ વર્ષના યુવાને દારૂના નશામાં એસિડ પી લેતાં મોત નિપજતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. ખોખરા મહાદેવ ગામે રહેતો પચ્ચીસ વર્ષનો વિજયભાઈ નાનુભાઈ માથાસુરીયા નામનો યુવાન એકવીસમીએ સાંજે ચારેક વાગ્યે એસિડ પી જતાં અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ આજે વહેલી પરોઢે મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધારી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર વિજયભાઈ છુટક ખેત મજૂરી કરતો હતો. તે બે ભાઈ અને ત્રણ બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં એક દિકરો છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

ત્રીજા બનાવમાં અટીકા લાલપાર્ક રોડ શ્રધ્ધાપુરી સોસાયટીમાં રહેતાં એકતાલીસ વર્ષના યુવાન પરેશભાઈ ધનજીભાઈ અમીપરા ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ દમ તોડી દેતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. હોસ્પિટલ ચોકી મારફત જાણ થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં પડધરી મોટા રામપર ગામે આવેલા વૃધ્ધાશ્રમમાં રહેતાં હરિકિશનભાઈ હિમતલાલ જોષી નામના બોંતેર વર્ષના વૃધ્ધ બેફભાન થઈ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ચાર ઘટનાઓમાં ચાર લોકોની જિંદગી કાયમને માટે પુરી થઈ ગઈ હતી.

### ફેસબૂક સર્ચ કરતી વખતે ટીકટોકની લિંક આવી તેના પર ક્લીક કર્યુ ને ફસાયા

# એપ ઈન્સ્ટોલ કરતાં જ બેંક ખાતામાંથી નાણા ગૂમ

## ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં આધેડ સાથે ઓનલાઈન ફ્રોડઃ એપ ડાઉનલોડ કર્યા બાદ એક જગ્યાએ ગૂગલ પેથી નાણા ચુકવ્યાઃ એ પછી ફોન ઓટો રીસ્ટાર્ટ થયો અને ખાતામાંથી રૂપિયા ઉપડવા માંડ્યા : બીજી તરફ કહેવાતા પત્રકારે વિડીયો વાયરલ કરવાની ધમકી દઈ નાણા માંગતા દાખલ થઈ

રાજકોટ, તા.,૨૬

રાજકોટઃ સાયબર ગઠીયાઓ રોજે રોજ લોકોને છેતરી રહ્યા છે. નવા જુના કોઈપણ નુસ્ખાઓનો ઉપયોગ કરીને ગઠીયાઓ લોકોના બેંક ખાતા ખાલી કરી નાંખતા હોવાની ઘટના રોજ બની રહી છે. વધુ એક આવી ઠગાઈ જોઈએ તો એક ડ્રાઈવર યુવાન ફેસબૂક પર સર્ચ કરી રહ્યા હતાં ત્યારે તેને ટીકટોક એપ ડાઉનલોડ કરવાની લીંક મળી હતી. આથી તેણે આ લિંક પર ક્લીક કરી એપ્લીકેશન ઈન્સ્ટોલ કરતાં જ તેનો ફોન હેક થઈ ગયો હતો અને ખાતામાંથી અડધો લાખની રકમ ઉપડીગઈ હતી.

ફ્રોડની માહિતી પર નજર કરીએ તો જામનગરમાં સિક્કાના ફારુખભાઈ ચમડીયા સાથે ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. ફેસબુક પર ટીકટોક ડાઉનલોડ કરવાની લિંક પર ક્લિક કરીને એપ્લિકેશન ઈન્સ્ટોલ કરતા તેમના બેંક ખાતામાંથી પચાસ હજાર રૂપિયા અજાણ્યા ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા. સિક્કા પોલીસે આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સિક્કા ગરીબ નવાઝ ચોક વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા ફારુખભાઈ જુનસભાઈ ચમડીયા નામના પીસ્તાલીસ વર્ષના આધેડ સાથે ઓનલાઈન છેતરપિંડી થયાની ફરિયાદ સિક્કા પોલીસ મથકે નોંધાતા તપાસ થઈ હતી.

ફરિયાદ મુજબ ફેસબુક પર ટિકટોક ડાઉનલોડ કરવાની પોસ્ટમાં આવેલી લિંક પર ક્લિક કરી એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ તેમના બેંક ખાતામાંથી રૂ.પચાસ હજાર અજાણ્યા ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા. વધુ વિગતો આપતાં ફારૂખભાઈના જણાવ્યા મુજબ એક રાત્રે તેઓ મોબાઈલમાં ફેસબુકનો ઉપયોગ કરી રહ્યા હતા ત્યારે ટિકટોકની એક પોસ્ટ જોવા મળી હતી. પોસ્ટમાં આવેલી લિંક પર ક્લિક કરતાં બતાવાયેલી એપ્લિકેશન તેમણે ડાઉનલોડ કરી હતી. બીજા દિવસે તેઓ ડ્રાઈવિંગના કામે વાડીનાર બહાર ગયા હતા. બપોરે તેમણે ગુગલ પે મારફતે એક દુકાન પર રૂ.૫૫નું પેમેન્ટ કર્યું હતું. પેમેન્ટ કર્યાના થોડા સમય બાદ તેમનો મોબાઈલ આપમેળે બે વખત અપડેટ થયો અને ત્યારબાદ રીસ્ટાર્ટ થયો હતો.

દરમિયાન બપોરે તેમના મોબાઈલ પર બેંક ખાતામાંથી રૂ.૫૦ હજાર ઉપડી ગયાનો સંદેશ



આવ્યો હતો. તેમણે યુપીઆઈની લેવડદેવડની વિગતો તપાસતા રૂ.પચાસ હજાર અજાણ્યા ફેડરલ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયેલા હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે સાયબર છેતરપિંડી થયાની જાણ થતાં તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

ત્યારબાદ જાણવા મળ્યું કે તેમની રકમ ફેડરલ બેંકના ખાતામાં ટ્રાન્સફર થઈ હતી. ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ આ ખાતામાંથી ચેક મારફતે કુલ રૂ.૧.૯૦ લાખ ઉપાડવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું હતું. આમ સોશિયલ મિડીયા માધ્યમથી સાયબર ગઠીયાઓ વધુ એક શિકાર કરી લેવામાં સફળ થઈ ગયા હતાં.

બીજી તરફ એક કહેવાતા પત્રકારે બ્લેકમેઈલ કરી રૂપિયા પડાવવા ધમકી દીધી હતી. વાપી જીઆઈડીસી ચાર રસ્તા પાસે આવેલા એચ.એમ. વૈદ્ય પેટ્રોલપંપના મેનેજરને જેલમાં પુરાવી દેવાની ધમકી આપી પૈસાની માંગણી કર્યાનો કિસ્સો સામે આવ્યો હતો. પેટ્રોલમાં ભેળસેળ થતી હોવાનો ખોટો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપવાના આક્ષેપમાં સોશિયલ મીડિયાના કથિત પત્રકાર સોનિયા ચૌહાણ અને મનોજ રાવલ સામે વાપી ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાતાં તપાસ શરૂ કરવામાં આવી હતી. વાપીના ડુંગરા ગામના કુંભારવાડ ફળિયામાં રહેતા વિનોદભાઈ કેશુરભાઈ ધોડીયા પટેલે ફરિયાદ નોંધાવી છે. તેઓ એચ.એમ. વૈદ્ય પેટ્રોલપંપમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે.

ફરિયાદ મુજબ મનોજ રાવલ નામનો વ્યક્તિ પ્લાસ્ટિકની બોટલમાં પાણી મિશ્રિત -વાહી લઈને પેટ્રોલપંપ પર આવ્યો હતો. તેણે કર્મચારીઓ સાથે ઝઘડો કરી પેટ્રોલમાં ભેળસેળ થતી હોવાનો આરોપ લગાવ્યો હતો. પંપના કર્મચારીઓએ નોઝલમાંથી પેટ્રોલ કાઢીને તે ચોખ્ખું હોવાનું બતાવ્યું હતું. તેમ છતાં મનોજ રાવલે આ વાત સ્વીકારી નહોતી અને સોશિયલ મીડિયા તથા પત્રકારોને બોલાવવાની ધમકી આપી હતી. ત્યારબાદ સફેદ રંગની ક્વાઈડ કારમાં સોનિયા ચૌહાણ ત્યાં આવી પહોંચી હતી. તેણે સોશિયલ મીડિયા પત્રકાર તરીકે ઓળખ આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

વધુ માહિતી મુજબ સોનિયા ચૌહાણે પંપ સંચાલકોની પરવાનગી વિના માઈક અને કેમેરાથી વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું. પંપ સંચાલકોએ સમગ્ર હકીકત સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની, પુરવઠા વિભાગ અને પોલીસમાં ફરિયાદ કરીને પંપ બંધ કરાવી દેવાની તેમજ જેલમાં પુરાવી દેવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો. આરોપીઓએ વીડિયો વાયરલ ન કરવા બદલ પૈસાની માંગણી કરી આર્થિક લાભ મેળવવાનો -યાસ કર્યો હોવાની ફરિયાદમાં નોંધ કરવામાં આવતાં વધુ તપાસ શરૂ થઈ હતી.

# ઢેબર રોડ પરથી રૂ. ૯.૬૪ લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

## હરિયાણાના ડ્રાઈવરની ધરપકડ, પીસીબી ટીમે વિરાણી આઘાટ ઘનશ્યામનગર ખાતે કાર્યવાહી કરી



રાજકોટ તા. ૨૬

રાજકોટઃ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં પ્રોહિબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ સદંતર નેસ્તનાબૂદ કરવા અને અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે. આ સૂચનાના અન્વયે પી.સી.બી. ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી.ના અધિકારીઓ અને કર્મચારીઓ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન, પી.સી.બી. ના પો.હેડ.કોન્સ. કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા અને પો.કોન્સ. યુવરાજસિંહ રાણાને ચોક્કસ સંયુક્ત હકીકત મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ઢેબર રોડ વિરાણી આઘાટ ઘનશ્યામનગર શેરી નં.૨ રોડ ઉપર દરોડો પાડીને એક ટ્રકમાંથી ઈંગ્લીશ દારૂના મોટા જથ્થા સાથે હરિયાણાના શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ કાર્યવાહી દરમિયાન પકડાયેલ આરોપીની ઓળખ સાજીદભાઈ આશ મહમદભાઈ (ઉં.વ.૩૯, ધંધોઃ ડ્રાઈવીંગ, રહે. ઉમરા ગામ ગધરા થાકપટ્ટી વિસ્તાર મસ્જિદની પાસે, પોસ્ટ ઉમરા, જીલ્લો મેવાત - હરીયાણા) તરીકે થઈ છે. પોલીસે ઘટનાસ્થળેથી ઓલસીઝન ગોલ્ડન કલેકશન વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. ની ૨૮૮૦ બોટલ કિંમત રૂ. ૯,૬૪,૮૦૦ ટાટા ટ્રક રજી. નં. જી.જે.૩૯.ટી.બી.૧૬૧૫ કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦ અને એક મોબાઈલ ફોન કિંમત રૂ. ૫૦૦૦ મળીને કુલ રૂ. ૧૯,૬૯,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ કામગીરી પી.સી.બી. પોલીસ ઈન્સપેક્ટર એમ.આર. ગોંડલીયા તથા પોલીસ સબ ઈન્સપેક્ટર પી.બી. ત્રાજીયા અને આર.કે. જાડેજાના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. આ દરોડામાં એ.એસ.આઈ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઈ સોનારા, પો.હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, સંજયકુમાર રૂપાપરા તેમજ પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઈ દવે અને હરપાલસિંહ જાડેજા સહિતની સમગ્ર ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

### બીજાને છેતરી પોતાના ખિસ્સા ભરનારા ગઠીયાઓ બેફામઃ વધુ ત્રણ ઠગાઈ

# જુના સિક્કા ઓનલાઈન વેંચવા જતાં ઠગાઈનો ડામ

## યુટ્યુબ પરથી વૃધ્ધે સંપર્ક કરતાં જુના સિક્કાના એંસી લાખ મળશે તેવી લાલચ અપાઈ હતીઃ બીજા બનાવમાં મિત્ર સાથે મિત્રની પાંચ લાખની ઠગાઈઃ ત્રીજા બનાવમાં નિવૃત શિક્ષકને બાર લાખનો ચૂનો

રાજકોટ તા. ૨૬

રાજકોટઃ ઓનલાઈન ગઠીયાઓ વધુ એક વૃધ્ધને છેતરી ગયા છે. ઓનલાઈન જુના સિક્કા વેંચવાના નામે ફ્રોડ થયું હતું. તેમણે યુ ટ્યુબ પર વિડીયો જોયા બાદ પોતાની પાસે જુના સિક્કા હોઈ તે વેંચીને સારી રકમ મેળવવાના ઈરાદે તેમાં આપેલા નંબર પર ફોન કરતાં જ તે ગઠીયાગીરીનો ભોગ બની ગયા હતાં. બીજી તરફ એક કિસ્સામાં ચાલીસ વર્ષ જુની દોસ્તી પૈસાની લમણાઝીંકને કારણે તૂટી ગઈ હતી. જેમાં એક મિત્ર બીજાના પાંચ લાખ ખાઈ ગયો હતો. ત્રીજા બનાવમાં નિવૃત શીક્ષક સાથે બાર લાખની ઠગાઈ થઈ હતી.

પ્રથમ ફ્રોડ જોઈએ તો અમદાવાદના ધોળકામાં રહેતા અને બેંકમાંથી સ્પેશિયલ આસિસ્ટન્ટ તરીકે નિવૃત્ત થયેલા વૃદ્ધે યુટ્યુબ પર જૂના સિક્કા વેચવા અંગેનો વિડીયો જોઈ તેમાં આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો. સાયબર ઠગોએ સિક્કાની કિંમત ૮૦.૯૬ લાખ મળશે તેવી લાલચ આપી એલઓસી કાર્ડ, ગવર્નમેન્ટ અપ્રુવલ કાર્ડ તથા જીએસટી ચાર્જિસના નામે અલગ-અલગ તબક્કે નાણાં પડાવ્યા હતા. ગઠિયાઓએ જીએસટી ઓફિસરના નામે નોટિસ મોકલી, વીડિયો કોલ કરી કોર્ટ કેસ અને અરેસ્ટની ધમકી આપી દંડનો ડર બતાવ્યો હતો. પોતાની



સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં વૃદ્ધે સાયબર હેલ્પલાઈન પર રૂપિયા ૬૪,૭૨૭ના ફ્રોડ અંગે ફરિયાદ નોંધાવતા નારણપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા કિસ્સાની વિગતો પર નજર કરીએ તો આ ઘટના સંઘપ્રદેશ દમણમાં સામે આવી હતી. પૈસાની લેતીદેતીના વિવાદમાં ચાલીસ વર્ષ જૂની મિત્રતા તૂટી ગઈ હતી. એક મિત્રએ બીજા મિત્રના પાંચ લાખ હડપ કરી લીધા હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવતાં તપાસ શરૂ થઈ હતી. પીડિત મિત્રએ આ બાબતે નાની દમણ પોલીસ સ્ટેશન સહિત સ્થાનિક મચ્છી સમાજમાં લેખિત ફરિયાદ રજૂઆત કરીને ન્યાયની માંગ કરી છે. લાંબા સમયથી નાણાં પરત ન મળતા આખરે પીડિત મિત્રએ હવે આ મામલે કાયદાકીય લડત લડીને કોર્ટના દ્વાર ખખડાવવાની તૈયારી હાથ ધરી હતી. નાની દમણના દિલીપનગર વિસ્તારમાં રહેતા મહેશ લાલુ ઉર્ફે મોહન બટાકે પોતાના જૂના મિત્ર મોહન કેશવ ઉર્ફે મોહન ચંપુ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. મોહન બટાકે ૨૦૧૫ના વર્ષમાં મોહન ચંપુને વ્યવસાયિક જરૂરિયાત માટે પાંચ લાખ રોકડા ઉધાર આપ્યા હતા.

પરંતુ છેલ્લા અગીયાર વર્ષ જેટલા લાંબા સમયથી આ રકમ પરત ન મળતા આખરે મિત્રતામાં તિરાડ પડી હતી. નાણાં પરત ન મળતા મોહન બટાકે નાની દમણ પોલીસ સ્ટેશનમાં મોહન ચંપુ વિરુદ્ધ લેખિત અરજી કરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન મોહન ચંપુએ શરૂઆતમાં માતા કાલિકા અને પોતાના બાળકોના સોગંદ ખાઈને પૈસા લીધા હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. જોકે બાદમાં કડક પૂછપરછ થતાં તેણે ઘરની બહાર પૈસા સ્વીકાર્યા હોવાની વાત સ્વીકારી લીધી હતી.

આ કિસ્સામાં મોહન ચંપુએ જીતુ સુરતવાળા નામના બિલ્ડર પાસેથી સાત લાખ લેવાના હોવાનું જણાવી તે રકમ મોહન બટાકને આપવાનો દાવો કર્યો હતો. પોલીસે બિલ્ડરને બોલાવતા તેણે પણ સાત લાખની ચિઠ્ઠી આપ્યાની વાત સ્વીકારી હતી. પરંતુ મોહન બટાકે સ્પષ્ટ કર્યું છે કે તેમને બિલ્ડર સાથેના વ્યવહાર સાથે કોઈ લેવાદેવા નથી અને તેઓ માત્ર પોતાના પાંચ લાખ પરત મેળવવા માંગે છે. પોલીસ કાર્યવાહીમાં લાંબા સમય સુધી કોઈ ઉકેલ ન આવતા મોહન બટાકે આખરે મચ્છી સમાજના પ્રમુખ ચંદ્રકાંત કાટેલાને લેખિતમાં જાણ કરી ન્યાય માંગ્યો છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો સમાજ કે પોલીસ દ્વારા આગામી સમયમાં કોઈ નક્કર પરિણામ નહીં મળે, તો તેઓ પોતાના નાણાં પરત મેળવવા માટે આરોપી

ત્રીજી ઠગાઈ જોઈએ તો જીવરાજપાર્કમાં રહેતા સાંઈઠ વર્ષીય ટ્યુશન ટીચર કેયુરીબેન શાહ સાથે ફેસબુક થકી પરિચયમાં આવેલી તેજલબેન ગજ્જર, તેમના પતિ હેમંતભાઈ અને પુત્ર મીત ગજ્જરે વિશ્વાસઘાત આચરી ૧૨,૬૨,૫૮૭ની છેતરપિંડી કરી હતી. સંતાનની કોલેજ ફી, જીએસટી પ્રોબ્લેમ અને ધંધામાં મદદના નામે કેયુરીબેન પાસેથી રોકડ, એલઆઈસી પોલિસી પર લોન તેમજ દીકરીના સાત લાખની કિંમતના ૧૪૯.૩૨ ગ્રામ સોનાના દાગીના પર બેંક લોન મેળવી લીધી હતી. નાણાં અને દાગીના પરત માગતાં આરોપીઓએ ફોન નંબર બદલી સંપર્ક કાપી નાખતા સેટેલાઈટ પોલીસ મથકે ત્રણેય સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી.

### તળાવમાંથી હાથ-પગ બાંધેલી હાલતમાં મળેલી લાશની ઓળખ થઈ અને ચોંકાવનારી હકિકત ખુલી

# જમવાના ઝઘડામાં ભાઈએ ભાઈની હત્યા કરી નાંખી!

## પોલીસે હત્યારા ભાઈ અને મદદ કરનાર ભાભીને પણ સકંજામાં લીધીઃ વારંવાર ઘરમાં માથાકુટ કરતો હોઈ ગળુ દાબી પતાવી દઈ રાતે ઘરથી સોએક મીટર દુર લાશ ફેંકી દીધી હતીઃ અન્ય ઘટનામાં બિલ્ડર સાથે ગઠીયાએ એક કરોડથી વધુ પડાવી લીધા

રાજકોટ તા. ૨૬

રાજકોટઃ નહિ જેવી વાતે હત્યા થઈ જવાની ઘટનાઓ વધી ગઈ છે. આ દરમિયાન વધુ એક આવો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં એક યુવાનની તેના જ સગા ભાઈએ હત્યા કરી નાંખી હતી અને હાથ પગ દોરીથી બાંધી લાશ તળાવમાં ફેંકી દીધી હતી. પોલીસને યુવાનની લાશ મળ્યા બાદ તપાસનો ધમધમાટ થતાં ચોંકાવનારી મર્ડર મીસ્ટ્રીનો પર્દાફાશ થયો હતો. પોલીસે હત્યારા ભાઈને ઝડપી લઈ આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના સાઠોદ ગામમાં થયેલી હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો હતો. જમવા બાબતે થયેલા ઝઘડામાં ભાઈએ જ પોતાના ભાઈનું ગળું દબાવી હત્યા કરી હતી. પોલીસે મૃતકના ભાઈની ધરપકડ કરી હતી પોલીસ સુત્રોએ કહ્યું કે સાઠોદ ગામના તળાવમાંથી એક મૃતદેહ મળ્યો હતો. મૃતદેહના હાથ અને પગ દોરીથી બાંધેલા હતા. ગ્રામજનોએ આ અંગે ડભોઈ પોલીસને જાણ કરી હતી.

આ પછી પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો લીધો અને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું કે ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. આ પછી પોલીસે આઠ અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી. જેમાં એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસ જોડાઈ હતી. ડભોઈ પોલીસની તપાસમાં સામે આવ્યું કે ગુરુશરણના ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા. પોલીસે ગુરુશરણના ભાઈ મહેશ તડવી અને ભાભીની સઘન પૂછપરછ કરી. કડકાઈથી પૂછપરછ કરતા મહેશ તડવીએ ગુનો કબૂલી લીધો હતો.

વધુ કબુલાત આપતાં મહેશે જણાવ્યું કે ગુરુશરણના લગ્ન થયા ન હતા અને તે તેમના જ ઘરમાં રહેતો હતો. તે જમવા બાબતે ભાઈ-ભાભી સાથે ઘણીવાર ઝઘડો કરતો હતો. ફરીથી પણ જમવા બાબતે ઝઘડો થયો હતો.




આ ઝઘડામાં મહેશે ગુરુશરણનું ગળું દબાવી હત્યા કરી દીધી. આજુબાજુના લોકોને ખબર ન પડે તે માટે મહેશે રાત પડવાની રાહ જોઈ. પછી ઘરથી સો મીટર દૂર આવેલા તળાવમાં મૃતદેહ ફેંકી દેવાનું નક્કી કર્યું. મૃતદેહ પાણીમાં જ રહે તે માટે મહેશે તેના હાથ અને પગે દોરી બાંધી હતી અને તેને તળાવમાં ફેંકી દીધો હતો. પોલીસે આ ભેદ ઉકેલી આરોપીને પકડી લીધા હતાં. આમ સગો ભાઈ હત્યારો નીકળતાં ગામમાં પણ ચકચાર મચી ગઈ હતી.

બીજી તરફ ઠગાઈની એક ઘટના જોઈએ તો વડોદરા શાહપુર વિસ્તારમાં રહેતા બિલ્ડરને વડોદરાના શખ્સે પ્રોપર્ટીના ધંધામાં મોટા નફાની લાલચ આપી રૂ. ૧.૧૫ કરોડ પડાવ્યા હતા. જેમાં સોગંદનામું અને કરાર કર્યા છતાં નાણાં પરત આપ્યા ન હતા. આ અંગે બિલ્ડરે ગઠિયા સામે શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. શાહપુરમાં રહેતા રવિભાઈ દાતણીયા કન્સ્ટ્રક્શનનું કામ કરે છે. તેમના નાના ભાઈ કિપલભાઈ એર ઈન્ડિયામાં નોકરી કરે છે. એરપોર્ટ પર તેમની ઓળખાણ વડોદરાના અંકુરકુમાર જોષી સાથે થઈ હતી.

ત્યારબાદ અંકુર જોષીએ રવિભાઈ તથા તેમના ભાઈને જણાવ્યું હતું કે, તેમના ફોઈનો દીકરો દિવ્યાંગકુમાર પ્રવીણભાઈ શુક્લ પ્રોપર્ટી લે-વેચનો ધંધો કરે છે અને ધંધાના વિકાસ માટે રૂપિયાની જરૂર છે. જેમાં રોકાણ કરવાથી સારો નફો મળશે. દિવ્યાંગ શુક્લે પણ રવિભાઈ અને તેમના પરિવારને ચા વળતરનો ભરોસો આપ્યો હતો. તેના વિશ્વાસમાં આવીને રવિભાઈ, તેમના ભાઈ કિપલ, પિતા રાજુભાઈ તથા મિત્ર અંકુર જોષીએ જાન્યુઆરી રૂ. ૬૦ લાખ રોકડા તેમજ ચેક અને આરટીજીએસ મારફતે રૂ. ૫૫.૦૫ લાખ મળી કુલ રૂ. ૧.૧૫ કરોડ દિવ્યાંગને આપ્યા હતા. બાદમાં નફો ન આપતા રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીએ ગલ્લા-તલ્લા કર્યા હતા. બાદ તેણે નોટરી સમક્ષ સોગંદનામું તથા બે મહિનામાં નાણાં ચૂકવી આપવાનો સમજૂતી કરાર કરી આપ્યો હતો. તેમ છતાં નફો કે રૂપિયા પરત આપ્યા ન હતા. કંટાળીને રવિભાઈએ શાહપુર પોલીસ સ્ટેશનમાં દિવ્યાંગકુમાર શુક્લ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગેની ફરિયાદ નોંધાવી હતી.

## શિક્ષણ જગતમાં મોટો વિસ્ફોટ

# અંબિકા વિદ્યાલય સામે અઢી મહિને પણ કાર્યવાહી નહીં

### DEO કચેરીને ઘોળીને પી જતા સંચાલકો! : અધિકારીઓ સમક્ષ 'અંબાજી દર્શને ગયા છીએ' જેવા બહાના બનાવી હિયરિંગ એવોઇડ કરતા સંચાલક હેતલ પોપટ!

રાજકોટ, તા. ૨૬

રાજકોટમાં રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલા ડમી સ્કૂલો અને બોગસ એડમિશનોના રાફડા વચ્ચે શિક્ષણ પ્રશાસનની ઢીલી નીતિ અને લાલિયાવાડી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના ૧૫૦ ફીટ રિંગ રોડ ઉપર આવેલી અંબિકા વિદ્યાલયનું ધોરણ ૮, ૯ અને ૧૦ ગુજરાતી માધ્યમ કોઈપણ પ્રકારની સરકારી સ્થળ ફેરની મંજૂરી મેળવ્યા વિના જ યુનિવર્સિટી રોડ ઉપર આવેલી પ્રીમિયર સ્કૂલના બિલ્ડિંગમાં ગેરકાયદેસર રીતે ધમધમી રહ્યું હોવાનો પર્દાફાશ થયો છે. આ અંગે વિદ્યાર્થી પ્રતિનિધિઓ દ્વારા તમામ પ્રકારના પક્કા પુરાવાઓ શિક્ષણ વિભાગને સોંપી દેવાયાને અઢી માસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં અને પચાસ દિવસ પહેલાં લેખિત રજૂઆતો થઈ હોવા છતાં, તંત્ર દ્વારા સંચાલકો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાને બદલે સમગ્ર મામલે આશ્ચર્યજનક ઢીલ દાખવવામાં આવી રહી છે.

આ સમગ્ર ગેરરીતિ અને કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે ધોરણ ૭માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીના સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ (કઈ)માં દર્શાવેલા એડ્રેસ અને રાજ્ય સરકારના યુનિફાઇડ ડિસ્ટ્રિક્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (ગ્રઉઈઅજ) પોર્ટલ પર નોંધાયેલા સ્કૂલના સરનામા વચ્ચે મોટો તફાવત અને વિસંગતતા જોવા મળી હતી. આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરતા માલૂમ પડ્યું કે દફતર પર અંબિકા વિદ્યાલય શહેરના ૮૦ ફીટ રોડ પર આવેલી કોઠારિયા કોલોનીમાં ચાલે છે, પરંતુ વાસ્તવિકતામાં તેના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી રોડ પરની પ્રીમિયર સ્કૂલના બિલ્ડિંગમાં બેસાડીને શિક્ષણનો વેપાર ચલાવવામાં આવી રહ્યો છે. આમ, એક તરફ પ્રીમિયર સ્કૂલ દ્વારા બોગસ એડમિશનો લેવામાં આવી રહ્યા છે તો બીજી તરફ અંબિકા વિદ્યાલય દ્વારા મંજૂરી વગર સ્થળ બદલીને વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યા છે.

આ ગંભીર મામલે રજૂઆત કરવામાં આવ્યા બાદ પણ એજ્યુકેશન ઇન્સ્પેક્ટર દ્વારા એક મહિના જેટલો લાંબો સમય વિતાવીને અત્યંત ધીમી ગતિએ તપાસ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો, જે બાબત પણ ભારે આશ્ચર્ય જન્માવે છે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ જ્યારે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા શાળાના સંચાલક હેતલ પોપટ કે અન્ય જવાબદારોને રૂબરૂ હિયરિંગ માટે બોલાવવામાં આવ્યા, ત્યારે સંચાલકોએ ''અમે અંબાજી દર્શને ગયા છીએ'' તેવું આશ્ચર્યજનક અને ગેરજવાબદાર બહાનું બતાવીને અધિકારીઓ સમક્ષ હાજર થવાનું ટાળ્યું હતું. શિક્ષણ પ્રશાસન અને કચેરીના આદેશોને ઘોળીને પીજનારા આ શાળા સંચાલકો માત્ર રાજકીય કે વહીવટી ભલામણો કરાવીને કઈ રીતે કાયદાકીય કાર્યવાહીથી બચવું તે સિવાય બીજો કોઈ ઉપાય શોધતા નથી, જે બતાવે છે કે શાળા સંચાલકોને જિલ્લા શિક્ષણ અધિકારી કક્ષાના ઉચ્ચ અધિકારીઓનો પણ કોઈ ભય રહ્યો નથી.




રાજ્યમાં ભૂતિયા એડમિશનો અને ડમી સ્કૂલો ચલાવીને વાલીઓ પાસેથી બેફામ ફી વસૂલીને લૂંટ ચલાવવામાં આવી રહી છે, ત્યારે જો જિલ્લા શિક્ષણ પ્રશાસન જ આવા બેફામ બનેલા શાળા સંચાલકો સામે લાચાર સાબિત થાય તો આનાથી વધુ શરમજનક ઘટના આખા શિક્ષણ જગત માટે બીજી કોઈ હોઈ ન શકે. તાજેતરમાં જ શિક્ષણ વિભાગ દ્વારા જે રીતે 'ન્યૂ ફ્લોરા' સ્કૂલ સામે કડક કાનૂની પગલાં ભરીને કાર્યવાહી કરવામાં આવી હતી, તેવી જ નિષ્પક્ષ અને આકરી કાર્યવાહી પ્રીમિયર સ્કૂલ અને અંબિકા વિદ્યાલય સામે પણ તાત્કાલિક ધોરણે થવી જોઈએ. આવી બોગસ સ્કૂલોને તાળાં મારીને બંધ કરવાની સાથે તમામ બોગસ એડમિશનો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે તેવી ચોક્કસ માગણી કરવામાં આવી છે.

બીજી તરફ આ મુદ્દે રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે બચાવપક્ષે જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગની પૂર્વ મંજૂરી વિના સ્થળ ફેરફાર કરતી અંબિકા વિદ્યાલય સામે રજૂઆત અને ફરિયાદ મળતા જ એજ્યુકેશન ઇન્સ્પેક્ટરને તપાસ સોંપવામાં આવી હતી. જેનો તપાસ રિપોર્ટ તાજેતરમાં જ મળ્યો છે અને આગામી સોમવારે શાળા સંચાલક અથવા તેમના અધિકૃત પ્રતિનિધિને રૂબરૂ હિયરિંગ માટે કચેરી ખાતે બોલાવવામાં આવ્યા છે. જોકે વિદ્યાર્થી પ્રતિનિધિઓએ સ્પષ્ટ શબ્દોમાં અલ્ટીમેટમ આપતા ચેતવણી આપી છે કે સોમવારના હિયરિંગ બાદ જો આગામી અઠવાડિયામાં આ બંને શાળા સંચાલકો સામે કોઈ નક્કર અને દંડાત્મક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો વિદ્યાર્થી સંગઠનો દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતે અચોક્કસ મુદતના ધરણાં પ્રદર્શન યોજવામાં આવશે અને શિક્ષણ વિભાગ સામે ઉગ્રમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

# શિક્ષણ સમિતિની ૧૨ બેઠકો માટે સંગ્રામ

### અગાઉ ચૂંટણી ન લડેલા, ૬૫થી ઓછી ઉંમર અને ગ્રેજ્યુએટ હોવું ફરજિયાત : પ્રદેશમાંથી ૧૨ નામો સોમવારે આવવાની શક્યતા, બુધવારે ઉમેદવારી ફોર્મ ભરાશે

રાજકોટ, તા. ૨૬

રાજકોટ મહાનગરપાલિકાની સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણીને લઈને શહેરી રાજકારણમાં ભારે ધમધમાટ અને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. અગાઉ મેયર અને નિર્વાચન અધિકારી ડો. નેહલ શુક્લ દ્વારા જાહેરનામું બહાર પાડી અલગ-અલગ કેટેગરીની ૧૨ બેઠકો ભરવા માટેની પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો હતો. લાંબા સમયથી સમિતિના નવા સભ્યોની નિમણૂંક માટે પ્રતિક્ષા થઈ રહી હતી, ત્યારે હવે ચૂંટણી કાર્યક્રમ જાહેર થતાં જ ભાજપના દાવેદારોમાં સભ્યપદ મેળવવા માટે ભારે હોડ જામી છે. તાજેતરમાં સંપન્ન થયેલા ગણેશ ઉત્સવ દરમ્યાન પણ ઉત્સુક દાવેદારોએ 'દાદા'ના પંડાલથી લઈને પક્ષના આકાઓની આરતી સમિતિના સભ્ય પદ માટે ઉતારીને પોતાની દાવેદારી મજબૂત કરવા અથાક પ્રયાસો કર્યા છે.

શિક્ષણ સમિતિમાં સ્થાન મેળવવા માટે ભાજપના દાવેદારો દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી જોરદાર લોબિંગ અને ભલામણો ચાલુ છે. કાર્યકરો અને આગેવાનો પ્રદેશ કક્ષા સુધી સંપર્ક સાધીને અથવા મોટા નેતાઓ પાસે ભલામણ કરાવીને પોતાની આશા વધારી રહ્યા છે. શહેર ભાજપ દ્વારા સમિતિમાં સ્થાન મેળવવા ઈચ્છુક આશરે દોઢસો (૧૫૦) જેટલા દાવેદારોના નામોનું સ્ક્રુટિની કરીને તેમાંથી ૩૫ જેટલા નામોની યાદી પ્રદેશ કક્ષાએ મોકલી આપવામાં આવી છે. જોકે, રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વિગત મુજબ શહેર ભાજપે મોકલેલા ૩૫ નામ ઉપરાંત પણ ઉપરથી કોઈ સરપ્રાઈઝ નામો આવી જાય તો નવાઈ નહીં. પ્રદેશ ભાજપ દ્વારા આ નામોમાંથી આખરી ૧૨ નામો ફાઇનલ કરીને સોમવારે રાજકોટ કમલમ ખાતે મોકલી આપવામાં આવે તેમ માનવામાં આવે છે.

આ વખતે ભાજપ દ્વારા સભ્યોની પસંદગીમાં કડક ગાઈડલાઈન લાગુ કરવામાં આવી છે. જામનગર સહિત અન્ય તમામ મહાનગરપાલિકાઓની જેમ રાજકોટમાં પણ પક્ષની માર્ગદર્શિકા મુજબ જ સભ્યોના નામો નક્કી કરવામાં આવશે. જેના ભાગરૂપે જે તે મહાનગરમાં અગાઉ ક્યારેય ચૂંટણી ન લડ્યા હોય તેવા જ કાર્યકરોને તક આપવામાં આવશે. આ સાથે ઉમેદવાર માટે ૬૫ વર્ષની વયમર્યાદાનો માપદંડ પણ લાગુ કરાયો છે. સાથોસાથ, ૧૦૦થી વધુ શાળાનું સંચાલન સંભાળતી આ સમિતિમાં ગ્રેજ્યુએટ (સ્નાતક) કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે તેવું પણ નક્કી મનાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે મહાનગરપાલિકાની ગત સામાન્ય ચૂંટણીમાં ભાજપે ૪૫ જેટલા સીટિંગ કોર્પોરેટરોની ટિકિટ કાપીને નવા ચહેરાઓને તક આપી હતી. આથી ટિકિટથી વંચિત રહેલા અને લાંબા સમયથી પક્ષમાં સક્રિય હોય તેવા કાર્યકરો માટે શિક્ષણ સમિતિના સભ્ય બનવાની આ છેલ્લી આશા રહી છે.




બીજી તરફ, મહાનગરપાલિકાના સદનનું રાજકીય ગણિત આ વખતે બદલાયેલું છે. ગત ટર્મમાં ભાજપના ૬૮ અને કોંગ્રેસના માત્ર ૪ કોર્પોરેટર હતા, જેના કારણે કોંગ્રેસના એક પણ સભ્ય ચૂંટાઈ આવ્યા ન હતા. પરંતુ આ વખતે મનપામાં ભાજપના ૬૭ અને કોંગ્રેસના ૫ કોર્પોરેટરો ચૂંટાયેલા છે. આ ચૂંટણીમાં માત્ર ચૂંટાયેલા કોર્પોરેટરોને જ મતાધિકાર હોવાથી, સંખ્યાબળના હિસાબે ૧૨ બેઠકો પૈકી વિપક્ષ કોંગ્રેસના ફાળે ૧ બેઠક આવે તેવો સ્પષ્ટ નિર્દેશ છે.

આ ચૂંટણીના નિર્ધારિત કાર્યક્રમ મુજબ, આગામી તા. ૩૦મી બુધવારના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ફોર્મ ભરતી વખતે ઉમેદવારના નામની દરખાસ્ત મૂકનાર અને ટેકો આપનાર બંને કોર્પોરેટરોએ હાજર રહેવું પડશે. તા. ૧ ઓક્ટોબરના રોજ ફોર્મની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ તા. ૨૧ ઓક્ટોબરના રોજ જનરલ બોર્ડ સભાખંડમાં સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી મતદાન યોજાશે અને બપોરે ૩ વાગ્યે પરિણામ જાહેર કરવામાં આવશે. બુધવારે ભાજપના ૧૨ ઉમેદવારો ફોર્મ ભરશે તે સાથે જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના આગામી ચેરમેન અને વાઈસ ચેરમેન કોણ બનશે તેનો ચહેરો પણ સ્પષ્ટ થઈ જશે.

### ભાજપની ત્રણ કડક ગાઈડલાઈન: નવા ચહેરાઓને તક મળવાના સંકેત

**જામનગર સહિત અન્ય મહાનગરોની જેમ રાજકોટમાં પણ ભાજપ દ્વારા સ્પષ્ટ માપદંડો લાગુ કરવામાં આવ્યા છે**

- ઉમેદવારની ઉંમર ૬૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અગાઉ કોઈપણ મહાનગરપાલિકા કે અન્ય ચૂંટણી ન લડ્યા હોય તેવા જ કાર્યકરોને તક અપાશે.
- ૧૦૦થી વધુ સરકારી શાળાઓનું સંચાલન સંભાળતી સમિતિ હોવાથી ઉમેદવાર ન્યુનતમ ગ્રેજ્યુએટ (સ્નાતક) કે તેથી વધુ ભણેલો હોવો ફરજિયાત છે.

## પ્રજાલક્ષી પ્રશ્નો અને વહીવટી અગવડતાઓના ત્વરિત નિરાકરણ માટે યોજાતી જિલ્લા ફરિયાદ સંકલન બેઠક સ્થાનિક નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત

# કુવાડવા P.O ખાતે બંધ આધારકાર્ડ કિટ પુનઃ શરૂ

### પ્રજાના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ એ જ ભાજપ સરકારની પ્રાથમિકતા : સુરેન્દ્રનગરથી રાજકોટમાં ભળેલા ૫ ગામોને નવો પિનકોડ ફાળવાયો




રાજકોટ, તા. ૨૬

રાજકોટ જિલ્લામાં પ્રજાલક્ષી પ્રશ્નો અને વહીવટી અગવડતાઓના ત્વરિત નિરાકરણ માટે યોજાતી જિલ્લા ફરિયાદ સંકલન બેઠક સ્થાનિક નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ગત ઓગસ્ટ માસમાં યોજાયેલી ફરિયાદ સંકલન બેઠકમાં રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા દ્વારા રજૂ કરવામાં આવેલા જનહિતના બે અત્યંત મહત્વપૂર્ણ પ્રશ્નોનું રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સકારાત્મક અને પરિણામલક્ષી નિરાકરણ લાવવામાં આવ્યું છે. આ બંને જટિલ પ્રશ્નોનો ઉકેલ આવતાં જ સ્થાનિક ગ્રામજનો અને નાગરિકોમાં ભારે આનંદ અને રાહતની લાગણી પ્રસરી ગઈ છે.

ગત સંકલન બેઠકમાં રજૂ થયેલા પ્રથમ મહત્વના પ્રશ્ન અંગે વિગતો આપતા જિલ્લા પંચાયત પ્રમુખે જણાવ્યું હતું કે, કુવાડવા પોસ્ટ ઓફિસ ખાતે આધારકાર્ડ સંબંધિત કામગીરી માટેની કિટ લાંબા સમયથી બંધ હાલતમાં હતી. જેના કારણે કુવાડવા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને, ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને વિદ્યાર્થીઓને નાની-મોટી સુધારણા કે નવા આધારકાર્ડ કઢાવવા માટે રાજકોટ શહેર સુધીના ધક્કા ખાવાની ફરજ પડતી હતી. આના પરિણામે સ્થાનિકોને સમય અને નાણાંનો મોટો વ્યય કરવાની સાથે ભારે અગવડતાનો સામનો કરવો પડતો હતો. આ ગંભીર બાબત ધ્યાને આવતાં કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી સંકલન બેઠકમાં આ પ્રશ્નને પ્રાથમિકતા આપીને રજૂ કરવામાં આવ્યો હતો. રજૂઆતના પગલે વહીવટી તંત્ર દ્વારા સક્રિયતા દાખવીને કુવાડવા પોસ્ટ ઓફિસ ખાતે આધારકાર્ડ કિટ પુનઃ ધમધમતી કરવામાં આવી છે, જેથી હવે ગ્રામજનોને ઘરઆંગણે જ આધારકાર્ડની સુવિધા ઉપલબ્ધ થઈ છે.

બીજા મહત્વપૂર્ણ પ્રશ્નની ચર્ચા કરતાં તેમણે ઉમેર્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લામાંથી રાજકોટ જિલ્લામાં સમાવિષ્ટ કરવામાં આવેલા પાંચ ગામો-જીવાપર (ગું.), બામણબોર, ગુંદાળા, ગારીડા અને નવાગામ (બા.) ના રહેવાસીઓ વર્ષોથી પિનકોડની ટેકનિકલ સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. આ પાંચેય ગામો રાજકોટ જિલ્લામાં ભળી ગયા હોવા છતાં તેમનો પિનકોડ સુરેન્દ્રનગર જિલ્લાનો જ બોલતો હતો. પિનકોડ અલગ હોવાના કારણે સ્થાનિક નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓના લાભ મેળવવામાં, કલ્યાણકારી સહાય મેળવવામાં તથા અન્ય સરકારી અને વહીવટી દસ્તાવેજી કામગીરીમાં મોટી ટેકનિકલ અડચણો ઊભી થતી હતી. આ પ્રશ્નને પણ સંકલન બેઠકમાં રજૂ કરી યોગ્ય રજૂઆત કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા આ રજૂઆતને ગંભીરતાથી લઈ ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી અને આ પાંચેય ગામોને હવે રાજકોટ જિલ્લાનો નવો પિનકોડ ફાળવી દેવામાં આવ્યો છે, જેનાથી ગ્રામજનોની વર્ષો જૂની રજૂઆતનો કાયમી અંત આવ્યો છે.

આ તકે પ્રજાના પ્રશ્નો પ્રત્યે સરકારની સંવેદનશીલતા બિરદાવતા રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયાએ જણાવ્યું હતું કે, પ્રજાના પ્રશ્નો માત્ર કાગળ પર રજૂ થાય એટલું પૂરતું નથી, પરંતુ તેનું પરિણામલક્ષી અને નક્કર નિરાકરણ ન આવે ત્યાં સુધી સતત અનુસરણ કરવું એ જ સાચી લોકસેવા છે. ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજ્ય સરકાર હંમેશાં છેવાડાના માનવીની સુવિધા અને પ્રજાહિતના કામોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે.